# અભીપ્સા




## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * * * *


e-book

| | |
|---|---|
| Title | : Abhipsa |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 115 |
| Created | : May 1st , 2009 |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

## પરિચય



કાવ્યમાં રસ લેતી કાવ્યરસિક જનતા સમક્ષ મારા આ કાવ્યસંગ્રહને રજૂ કરી રહ્યો છું. ગયા મે મહિનામાં વડોદરા યોજાયેલી સાધનાશિબિરની સુખદ અને સફળ પૂર્ણાહૂતિ દરમિયાન આ કાવ્યસંગ્રહના પ્રકાશનનો વિચાર સ્ફૂર્યો, એને માટેની યોજના ઘડાઈ, વ્યવસ્થા વિચારાઈ, અને આજે એ સમસ્ત યોજના ઓછાવત્તા સંશોધન સહિત સાકાર બને છે ત્યારે સહજ આનંદ અનુભવાય એ સ્વાભાવિક છે.

આ કાવ્યસંગ્રહનાં કાવ્યો વરસોની પ્રતીક્ષા પછી બહાર પડે છે. એમને પુસ્તકાકારે પ્રસિદ્ધિ પામતાં પહેલાં ધીરજપૂર્વક તપવું ને એમના સત્વને સમયના પલટાતા જતા પ્રવાહો સામે સાચવવું પડ્યું છે. એમનો આવિર્ભાવ ઈ.સ. ૧૯૪૪ થી માંડીને ઈ.સ. ૧૯૫૫ના ગાળા દરમિયાન થયેલો છે. તોપણ એ આજે આટલા વખત પછી પણ પ્રસિદ્ધિ પામી શકે છે એ ઓછી અગત્યની વાત નથી લાગતી. સાહિત્યને દેશકાળનાં બંધન નથી નડતાં એ સાચું છે.

આ સંગ્રહના પ્રકાશન પાછળનો શ્રી ભાઈલાલભાઈ છાંટબારનો ઉત્સાહ તથા શ્રી નારાયણભાઈ જાનીનો ને શ્રી લાભુભાઈનો સહયોગ ખાસ ઉલ્લેખનીય છે. સુપ્રસિદ્ધ સાક્ષર અને કવિ શ્રી મુકુંદરાય પારાશર્યે એને સહૃદયતાપૂર્વક આવકાર્યો છે એને માટે એમનો હાર્દિક આભાર માનું છું.

- **શ્રી યોગેશ્વર** (મસૂરી, તા. ૧૫-૧૦-૭૩)

## આરંભે

પૂજ્ય શ્રી યોગેશ્વરજીના કાવ્યસંગ્રહ 'અભીપ્સા' ને કોઈના આમુખ કે પ્રસ્તાવનાની આવશ્યકતા હોય એમ મને જણાતું નથી. યોગેશ્વરજી ત્યાગી છે, યોગી છે, વેદાન્તી છે, ઉપદેષ્ટા છે, વ્યાખ્યાતા છે, ગ્રંથકાર છે. ગુજરાતીમાં યુગપુરૂષ ગાંધીજી પરનું એમનું અનેક છંદના કૌશલથી યુક્ત મહાકાવ્ય પણ પ્રકટ થયું છે. એમની આવી અનેકવિધ પ્રવૃત્તિથી ગુજરાતનો જાગ્રતવર્ગ ઠીક સમયથી પરિચિત છે. એમના આ કાવ્યસંગ્રહને આરંભે ઔપચારિક વિધિ ગણી કંઈ લખવું એ મારે માટે અનધિકૃત ચેષ્ટા છે, છતાં આ કામ સોંપેલું છે તેથી કાર્ય સમજી કરૂં છું, કારણ કે એના મૂળમાં મારા પ્રત્યેની યોગેશ્વરજીની કૃપા તથા શિષ્યવૃંદનો સદ્‌ભાવ અનુભવું છું.

જેમ કવિ હોવું એ વિરલ છે તેમ કાવ્ય-કોવિદ હોવું એ પણ એટલું જ વિરલ છે. પ્રત્યેકમાં જીવભાવ રહ્યો છે, અને આનંદ એ જ તત્વતઃ પ્રત્યેક આત્માનો સ્વભાવ છે. અહીં 'સ્વ'નો ભાવ એટલે ઉદ્‌ભૂત-અગાઉ ન હતો ને પછીથી ઊપજેલો એવો અર્થ નથી; પણ સ્વરૂપગત અનાદિ અનંત હોવાપણાનો ભાવ, એવો અર્થ છે. સ્વરૂપની વિસ્મૃતિને કારણે જીવાત્મા એ આનંદ શોધે છે. એટલે કાવ્યભાવ-સ્ફુરણ, કાવ્યરસિકતા, એ દરેક જીવમાં સ્વાભાવિક છે. સ્વયં પ્રતિભાનો કે કોવિદતાનો અભાવ હોવાથી સામાન્ય મનુષ્ય ઉત્તમ કોટિનાં કાવ્યો ન આપી શકે તેમ એવું મર્મગ્રાહી તત્વદર્શી વિવેચન ન આપી શકે. પણ પ્રત્યેક જીવ પોતાની પાત્રતા પ્રમાણે, રુચિ અનુસાર, કાવ્યનો રસાસ્વાદ જરૂર માણી શકે છે. એ સ્વ-સંવેદન છે. તેથી જ કાવ્યો લખાય છે, ગવાય છે ને સમયપ્રવાહમાં જળવાય છે.

કાવ્ય અમુક વિષય પરત્વે જ લખાયેલું હોવું જોઈએ, એવો કોઈ નિયમ નથી. અને એવો નિયમ હોય તોયે નિગ્રહને અવગણી સ્વભાવ જ શિરજોરી કરે છે. અને તેથી સર્વ-સાધારણ મનોભાવને વિષય કરનારી, તેમને ઉદ્દીપ્ત કરનારી રચનાઓ સામાન્ય જનસમાજમાં અધિક લોકભોગ્ય બને છે. જેમ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે રુચિતંત્ર જુદું જુદું હોય છે તેમ જમાના જમાનાનું રુચિતંત્ર જુદું જુદું હોય છે. આજના અને સો સવાસો વર્ષ પહેલાંના ગુજરાતી કાવ્યોમાં રુચિસામ્ય છે એમ કોણ પ્રતિપાદિત કરી શકે તેમ છે ?

પોતાની રુચિ યોગ્ય છે કે નહિ, જે સુખ પોતે પામવા ઝંખે છે, મથે છે, તેને એ અનુકૂળ કે સંબંધિત છે કે નહિ, એ સૂઝ ઘણા ઓછાને હોય છે. એ વિચાર પણ ઘણા ઓછા કરી શકે છે અને તેથી જે સમાજ એ દૃષ્ટિએ વિચારી શકતો નથી. તે જમાનાના તે સમાજનું રુચિતંત્ર પોતાને જે અભીષ્ટ પ્રકારનું હોય છે તેમ નથી હોતું છતાં તેને મોહથી વળગી રહે છે.

આમ થવામાં કશું જ આશ્ચર્ય નથી, નવું નથી. એક કવિએ ઠીક જ કહ્યું છે કે ક્ષુદ્ર જીવ પોતે પોતાની વિવેકહીન રુચિના આવેશ વડે જે મેળવે છે તે વસ્તુ, વિચાર કે ભાવની નિઃસારતા તેમાં શું છે, કેટલી છે, તે એ જાણતો નથી ને તેમાં એ મસ્ત રહે છે.

न हि गणयति क्षुद्रो जन्तुः परिग्रहफल्गुताम् ।

શ્રેય અને પ્રેયનો ભેદ સમજનાર વિવેકી જિજ્ઞાસુ આત્યંતિક હિતને જ પ્રેય ગણે છે.

માનવ દેહ ભાવથી પશુ છે, મનોભાવથી માનવ છે અને આત્મભાવથી દેવ છે. એટલે કે મનુષ્યમાં પશુતા છે, માનવતા છે તેમ દેવભાવ પણ છે. માણસની પશુતાને ઓળખી યત્નથી તેને દૂર કરવી અને માનવતાનાં દ્રઢ સંસ્કરણ દ્વારા પોતામાં બીજ રૂપે રહેલ દેવભાવને પૂર્ણપણે વિકસાવવો એ ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ છે. એ જ દૃષ્ટિએ આદિકવિ વાલ્મીકિના રામાયણની રચના છે, તેમ વ્યાસના જય નામે ઈતિહાસનું મહાભારતના નામે કથાનક છે. એ અવિચ્છિન્ન પરંપરામાં શ્રીમદ્ ભાગવત વગેરે પુરાણોના કર્તાઓ, કાલિદાસ, ભવભૂતિ, ભર્તૃહરિ, બાણ વગેરે કવિઓ અને તુલસીદાસ, સુરદાસ, કબીર, મીરાં વગેરે ભક્તોએ સમર્થ ફાળો આપ્યો છે.

આ પરંપરા હાલ તૂટી છે. એ સારું થયું છે કે નહિ, એ વિષે વિચારણા કે અભિપ્રાય અત્રે અપ્રસ્તુત છે. પ્રસ્તુત એટલું જ છે કે આ કાવ્યસંગ્રહ એ ભારતીય પરંપરાને અનુકૂળ છે. આ સંગ્રહનું કાવ્યતત્વ કઈ કોટિનું છે એ વિષય વિવેચકોનો છે. આમાંથી આટલું સ્પષ્ટ તરી આવે છે કે આ સંગ્રહ ભૌતિક ભોગવિષયક કાવ્યોનો નથી. આમાં માનવીય ભાવો છે. "લોકો જ્યારે રોવે ત્યારે શ્વાસ કરી બંધ, ગુફામાં પુરાઈ રે'વું મને ના પસંદ" જેવા સામાજિક ભાવોક્યના ઉદ્‌ગારો પણ છે છતાં અભીષ્ટ ઉદ્દીષ્ટ તત્વ પરમાત્મ તત્વ છે. યોગેશ્વરજી અદ્વૈત વેદાન્તી છે એટલે એ કહી દે છે :

થયો પાવન પળે ત્યાં આપણાં અંતરતણો સંગમ,
તરત ત્યારે પિછાન્યું ઢૂંઢનારો હું મને જ હતો.

છતાં વાણી દ્વૈત વગર ઉદ્‌ભવતી નથી. અદ્વૈતમાં અસ્તિ તત્વ છે, અહં નથી. જ્ઞેય ન હોવાથી જ્ઞાતા નથી, દ્રશ્ય ન હોવાથી દ્રષ્ટા નથી. ત્યાં કશું જ કહેવાપણું નથી. અદ્વૈત વેદાન્તની ચર્ચા પણ દ્વૈતનો ફલક સ્વીકારીને જ કરી શકાય છે. બેશક, તત્વતઃ દ્વૈત અને અદ્વૈત એક અને અભિન્ન છે. દ્વૈત વગર અદ્વૈત નથી, અદ્વૈત વગર દ્વૈત નથી. અદ્વૈતમાં કેવળ નિર્વિકલ્પ સ્વરૂપાવસ્થા છે, તો દ્વૈતમાં અન્યોન્યમાં અસહ્ય વિરહાવસ્થામાં પ્રપત્તિ અને આત્મવિસ્મૃતિને પરિણામે કેવળ તદાકારકા તન્મયતા હોય છે, એમાં દ્વૈતની અદ્વૈત સ્વરૂપે સિદ્ધિ છે.

અહીં યોગેશ્વરજી અદ્વૈત વેદાન્તી યોગી હોવા છતાં કાવ્ય વાણીમાં પ્રધાનપણે ભાગવતધર્મી વિરહાતુર ગોપીની પેઠે પરમ પ્રેમાસ્પદ મૂળ તત્વને પામવા માટે વલખે છે. વ્યાવહારિક જીવનમાં સ્વયં ત્યાગી તો છે જ. ગોપી પેઠે સાંસારિક સર્વસંબંધને **अतिविलंघ्य** (અતિ વિશેષપણે પરહરીને-ઓળંગીને) અજ્ઞાનમય રાત્રિમાં અદૃષ્ટના દર્શનની લાલસાએ નીકળી પડેલ શ્રદ્ધાના અવલંબનવાળા જીવાત્મા છે. આ સંગ્રહના નામાભિધાનને સાર્થક કરતી એ એમની અભીપ્સા છે.

સમાન રૂચિવાળાને આ સંગ્રહ પોતાની અભીપ્સા રૂપ બને એ સંભવિત છે. અહીં કાવ્યતત્વની ચર્ચા મારે માટે અશક્ય છે. છતાં એટલું જરૂર કહી શકું કે વસ્તુમાં, વિચારમાં યા ભાવમાં જે રસાસ્વાદ લાગે છે, તે મૂળ તો આપણા અંતઃકરણમાંથી તે તે પર સીંચેલો આત્મરસ મુખ્યતઃ હોય છે. જો એમ ન હોય તો કેવળ રામ કહેવાથી-સાંભળવાથી કે ઈષ્ટમંત્રના કેવળ નામોચ્ચાર શ્રવણથી કે પ્રેમાસ્પદની નામશ્રુતિથી ભાવિકો, ભક્તો, ઉપાસકો, પ્રેમીઓ, આર્દ્રચિત્ત, તન્મનસ્ક બની શકે નહિ. શબ્દમાં, વાણીમાં કાવ્યભાવનું આરોપણ ભલે કરીએ, પણ તત્વતઃ કાવ્યભાવ, પ્રેમ, જીવન, આનંદ એ સર્વ અંતરમાંથી સમુદ્‌ભવી બહિર વિસ્તરે છે. એ

આત્માનો જે વિલાસ છે, વિવર્ત છે. જે વાચકો-ભાવકોમાં આ વિષય પરત્વે ખરો રસભાવ હશે તેમની અંતઃવૃત્તિ અભીપ્સાના માધુર્યના રસાસ્વાદમાં પરિણમશે. **सुज्ञेषु किम् ।**

**- મુકુન્દરાય વિ. પારાશર્ય.**

(સં. ૨૦૨૯, દીપોત્સવી, ગુરૂવાર)

* * * * *

**અ નુ ક્ર મ**


૧) અર્પણ
૨) યાદ
૩) જીવન
૪) તમારો પ્રેમ
૫) પ્રેરણા
૬) સંવેદન
૭) દર્શન
૮) ચાંદ
૯) ભમરો
૧૦) સાધના
૧૧) પુષ્પ
૧૨) ભાવના
૧૩) પ્રેમોદ્‌ગાર
૧૪) ધન્ય ક્ષણ
૧૫) સૂનું સૂનું
૧૬) પંખીને
૧૭) ન જાણે
૧૮) મજા
૧૯) મુક્તિ
૨૦) નૈયા
૨૧) ઉત્સવટાણું
૨૨) નવું વર્ષ
૨૩) પૂરવ જનમનો પ્રેમ
૨૪) પ્રથમ વાર
૨૫) પ્રાર્થના
૨૬) વ્યથા
૨૭) અનુરાગ
૨૮) દીપાવલી
૨૯) ગીતોની ગંગાજમનાને
૩૦) વિરહના દિવસ
૩૧) ગાયક
૩૨) તમે અને હું
૩૩) બીલીપત્ર
૩૪) પ્રશ્નોની પરંપરા
૩૫) વીણા
૩૬) પ્રેમની પિપાસા
૩૭) પ્રેમીને
૩૮) ખૂબ
૩૯) પ્રેમનગરના વાસી
૪૦) નામ તથા ધ્યાન
૪૧) હોડી
૪૨) હૈયે હૈયે
૪૩) કોઈયે બોલાવનારું
૪૪) પ્રેમોદ્‌ગાર
૪૫) નાવડી
૪૬) તલ
૪૭) ભાવના
૪૮) ધૂન
૪૯) શક્તિ દો
૫૦) ફનાવૃતિ
૫૧) ભિક્ષા
૫૨) સંવેદના
૫૩) નવજગ રચો
૫૪) હતી ઈચ્છા મારી
૫૫) પ્રેમના પૂજારી
૫૬) તારી આંખ
૫૭) સૃષ્ટિ સકળમાં રાજો
૫૮) પાડ
૫૯) પ્રભુને
૬૦) આકાંક્ષા
૬૧) મનને
૬૨) પ્રભુ
૬૩) ચિંતન
૬૪) મૂરખ મન
૬૫) યાદ
૬૬) વંદન
૬૭) હે પ્રભુ
૬૮) સાધના
૬૯) ભજનનો મહિમા
૭૦) દાસી
૭૧) ચિત્ત
૭૨) સદ્‌ગુરૂની ઈચ્છા
૭૩) સદ્‌ગુરૂને
૭૪) આમંત્રણ
૭૫) નાચ નચાવો
૭૬) બાહુમાં બળ દે
૭૭) તમારે માટે
૭૮) દિલમાં જરી
૭૯) મુખડું મધુરું
૮૦) પતિતપાવન
૮૧) બડભાગ
૮૨) તું
૮૩) ગંગાને
૮૪) ધ્યાન
૮૫) સ્મૃતિ
૮૬) પ્રવાસીને
૮૭) અભીપ્સા

૮૮) ગાનને
૮૯) ગૌરવ
૯૦) જોગી
૯૧) દેશને
૯૨) જિજ્ઞાસા
૯૩) મુક્તિ
૯૪) કાગળ
૯૫) જોગીને
૯૬) ફકત
૯૭) દિલરુબા
૯૮) સાધકને
૯૯) સાધકને
૧૦૦) શ્રદ્ધા

* * * * *

## [૧] અર્પણ

સુધાનો સોમલમાં આનંદ,
જે લે તેને ચરણે અર્પણ કરું મુજ છંદ.

દુઃખમાં જે સુખ માણી જાણે, વેરાન મહીં રંગ,
અંગારમહીં જલે છતાંયે પ્રકટે રૂપ અનંત !

આંસુ આહ પોકારે જેનું અંતર વહે અખંડ,
પવિત્ર પ્રેમીપદમાં એવા વંદન હજો અનંત !

* * *

## [૨] યાદ

યાદ તમારી દ્વિગુણિત બનતાં મારા હૃદયે જાગી,
સ્મરણ રહ્યાં છે હૃદય વલોવી તમારાં શું બડભાગી !

સારી સૃષ્ટિ પર રાત્રીએ અંચલ નાખ્યો આજ;
પ્રાણી છે સૌ શાંત.

એક મ્હારા મનોનભે છો પ્રકટ્યાં તમે પ્રકાશ,
દૂરદૂર તારકગણ ખીલ્યાં તેવા સ્મિતની સાથ.
મને જ ના આરામ.

પથારી રહી મારી સૂની, આળોટું છે ખાલી;
તમારી નથી સંનિધિ તો છે સુખ ના મુજને કાંઈ.

ઓ મુજ જીવનપ્રાણ પધારો, વીતે મોંઘી રાત;
આતુર ને 'પાગલ' છું સાચે તમારા મિલન કાજ.

* * *

## [3] જીવન

આ જીવન છે બહુમૂલ.

તમારા વિના છેક જ નીરસ અશાંતિની જડ મૂળ;
તમે સ્વીકારો તો જ સુશોભિત, નહિ તો કેવલ ધૂળ. ... આ જીવન

તમારું કર્યું બચપણથી તો સ્પર્શ કરો અણમૂલ,
સુધા દાન દો, પ્રેમમોહિની થકી ભરી દો ખૂબ .... આ જીવન

હમેંશના સહવાજ કાજ આ હૃદયમાં થતી શૂળ,
વેદના થતી દિલમાં મટશે સ્પર્શ થકી ના ભૂલ .... આ જીવન

હંમેશના સંસર્ગ કાજ આ પ્રાણમાં ઉઠે સૂર,
વરસાદ પડે ત્યારે પ્રેમળ છેક જ બને કરુણ. .. આ જીવન

* * *

## [૪] તમારો પ્રેમ

ભૂલવા ચહું તોય પ્રેમ આ, તમારો ન ભૂલાયે !

રૂંવેરૂંવે વ્યાપ્યો તે તો, શ્વાસોશ્વાસે જાગે;
રક્તમહીં રણકાર કરે ને, ગાયે નવનવ રાગે
યાદ તમારી સ્વભાવ મારો, ગદ્ગદ બનું હર કાળે ! ... ભૂલવા

લીલી કરી તમે મુજ વાડી, ચેતના ભરી અંગે;
રસમાં રહીશ મહાલી, સ્વાદુ તમારે સંગે,
કૃતાર્થ જેમ દિવાળી બંને ઉજવશું આનંદે. .... ભૂલવા

* * *

## [૫] પ્રેરણા

આકાશે મચ્યાં છે આજે કેવાં ઘન ઘોર,
ચપલાં ચમકે, કરે કેવો કેવો શોર;
ઉકળાટ ધરતીને થાય ચારે કોર,
વરસે છે વાદળાં ને કરે છે કિલ્લોલ !

અંધકાર ચારે કોર રહ્યો ભરપૂર,
આંખ ઠરે તોય જરી દેખાયે ના ધૂળ;
મુંઝાયે છે લોક કેમ પામવો પ્રકાશ,
દીપક જાગે છે, નાસી જાય છે અંધાર !

જ્યારે જ્યારે જીવનમાં આમ હો અંધાર
મુંઝાયે ને મન ત્યારે હો તમે પ્રકાશ;
તર્ક ને વિતર્ક કરે શોર ચારે કોર
ભય ને વિનાશ વીજ મૂકે દોટાદોટ



ત્યારે ત્યારે કરવાને અંતરને શાંત
વરસી રહેજો તમે કૃપા વરસાદ.

* * *

## [૬] સંવેદન

લોકો જ્યારે રોવે ત્યારે શ્વાસ કરી બંધ
ગુફામાં પુરાઈ રે'વું મને ના પસંદ;
દીન હીનના પડે પોકારો પડછંદ
તે સમે કરી રહું આ કર્ણ કેમ બંધ ?

એવું સંતપણું મને કો'દી ના પસંદ
જેને નહીં દેશનો કે સૃષ્ટિનો સંબંધ;
દેશની ગુલામી દુઃખ સૃષ્ટિના કલંક
જોવાં છતાં જેનામાં ના કરુણાની ગંધ !

સૃષ્ટિમાં છે દુઃખ, નથી પ્રજ્ઞા કેરો પંથ,
ત્યાં લગી શેં નીંદ મને, કેમ વળે જંપ;
કિન્તુ તો ઉતાવળે કરી કરું શું જંગ,
સાધનાની શક્તિ મારે પામવી અનંત.



સૃષ્ટિ સારુ સાધના હશે મારી અખંડ,
પામશે સાફલ્ય બની સાધના જ્વલંત;
તું ય મારી સાથે રે'જે યજ્ઞમાં અનંત !
સૃષ્ટિ ના જોઈ શકાયે કેમ કરી બંધ !

* * *

## [૭] દર્શન

દેવદર્શને આજ મ્હારું
હૃદય ખરેખર પાવન થયું.

દિવસ આજનો ધન્ય મ્હારો
આજ મ્હારે પર્વ થયું,
ત્રિતાપ મારા ટળી ગયા ને
દૈન્ય સમસ્ત વિનષ્ટ થયું !

દેવચરણની રજને શિર પર
ધારી મેં તો નર્તન કર્યું;
દેવવચનની અમૃતધારા
તેનું આજે પાન કર્યું.

ધન્ય દેવ ! આવીને આજે
પવિત્ર મંદિર મારું કર્યું;
અંતરને ઢાળીને સંતન-
દેવ, નમું બહુ વાર નમું.



* * *

## [૮] ચાંદ

જાગે ગગને ચાંદ.
સુંવાળા વાદળની શય્યા તોયે જાગે ચાંદ.

શોક શું ભારી ચિંતા શાની, આંસુ છવાયા લાખ,
અજ્ઞ ન જાણે તેથી માને, તારલિયા એ આભ !

એમ મને પણ નિદ્રા નાહીં, કોમલ શય્યામાંહ્ય;
તારા વિના સુંવું શું મારે, હે રસનિધિ, રસનાથ !

દુઃખ મટે ના જગના ત્યાં લગ ના મીંચાશે આંખ,
જો આવે તો હવે ન છોડું, અતૂટ ભીડું બાથ !

અમૃતની ધારા પામીને, છાંટું જગની માંહ્ય,
નવજીવનના નિર્ઝર છુટે, તે દિવસે આરામ !

* * *

## [૯] ભમરો

ભયંકર ખૂબ ખરે ભમરો.
ડંખે ત્યારે દર્દ કરે છે ભારેખમ ભમરો ... ભયંકર

તોડી નાખે કઠિન કાષ્ઠને, પાડે છેદ ખરો,
બળવાન ઘણો ગણાય એ તો, ખૂબ કહ્યો કપરો ... ભયંકર

કમલ પાસ પરવશ પણ થાયે, બલ સઘળું વિસર્યો;
પૂરાયો ત્યાં પુષ્કળ પ્રેમે, પાછો ના જ ફર્યો. ... ભયંકર

તેમ બલી પણ મોહિત થાયે રૂપ તમારે હો;
કમલથકી કોમલ લોચનમાં કેદ ન થાયે કો ? ... ભયંકર

પ્રેમપ્રભાવ કહ્યો છે એવો સંતોએ સઘળો;
મધુરતાતણી અજબ મોહિની, નેહ નશો મધુરો. ... ભયંકર

આતમ નિર્બળ છેક જ સાચે પ્રેમાસક્ત થયો,
અચરજ તેથી લેશ થશે ના, તમને ફકત વર્યો. ... ભયંકર

* * *

## [૧૦] સાધના

શ્રદ્ધાનો દંડ લઈ મારે ચાલવું હંમેશા સત્યને રાહ.

હોય સવાર કે સાંજ, મધ્યાન્હ કે ઘોર અંધારી રાત,
સૂરજ હોય તપી રહ્યો, પૂર્ણ પ્રકાશ ભલે ને ચાંદ,
મારે જોવો ના કદી કાળ. ......શ્રદ્ધાનો દંડ

પદ્મ ભલે ખીલ્યાં ચારે પાસે, મારે લેવો કદી ન વિરામ,
અમૃતના સરને તટ બેસીને કરવું ના મારે પાન.
મારે ના જ બુઝાવવી પ્યાસ. ......શ્રદ્ધાનો દંડ

નિદ્રા ભલે જગ માણે, મારે મારો રોકવો ના જ પ્રવાસ,
જ્યાં લગ પૂર્ણ પ્રકાશ પામી મળે સ્થાન નહીં અભિરામ.
મારો સત્યને કાજે જ શ્વાસ. ......શ્રદ્ધાનો દંડ

વેચાયો સત્યને હાથે હું તો, મારો સત્યને સારું જ શ્વાસઃ
સ્વાર્થ ને વૈભવ ભોગને શૈશવમાંથી મારી મેં તો લાત.
બનું સૃષ્ટિનો તારણહાર. ......શ્રદ્ધાનો દંડ

* * *

## [૧૧] પુષ્પ

સુવર્ણ ના મારી પાસે જેનું તને દાન કરી
પ્રેમનો દર્શાવું મારો પૂરેપૂરો ભાવ;
હીરા નથી, મૌક્તિક ના, દ્રવ્ય નથી, ફલ નથી,
મહામૂલા વસ્ત્ર નથી, નથી ઘરબ્હાર.

રાજપાટને તો તારે કાજે કરી દીધાં ત્યાગ,
કીર્તિ તજી તજ્યા નાનાવિધ રંગરાગ,
એવું તે દઉં તને શું દાન જેને યાદ કરી
રોજ રાખે પ્રેમથકી પ્રાણ થકી પાસ.

સામાન્ય ને રંક હું તો ભિક્ષુ, તોય આપેલું તે
સ્વીકાર્યું છે પુષ્પ, મારા પ્રાણનું તે રાત ?

* * *



## [૧૨] ભાવના

દુઃખ જેમ જેમ આવે તેમ તેમ પ્રેમ મારો
બાંધી રહે તારી સાથે વધુ વધુ ગાંઠ,
સંકટ ને વિપત્તિમાં પ્રેમસૂર રેલી મારા
અંતરનું વાગી રહે વધુ વધુ વાદ્ય.

સુખ ને સલામતી પ્રસાદી તારી હું તો માનું,
તેથી તેમાં ભુલવાના ભયનો ના ભાસ;
ભોગ ને ઐશ્વર્યના સિંહાસને ચઢેલ તોય
અંતરમાં તારો ચાલે મહામૂલો રાસ.

વાત શી કરું વધારે, કાળ કે સ્થિતિથી મારા
પ્રેમમાં જરી ય ફેર ના જ પડનાર,
'પાગલ' થયો છું તારા પાગલ સ્પર્શથી તે
પાગલ મટીને નહીં અન્યથા થનાર.



* * *

## [૧૩] પ્રેમોદ્ગાર

સંકટમાં પ્રેમ તારો કરી છો બધાયે જાણે
મારે તો સુખે ય તેનો ભોગવવો સ્વાદ;
વિપત્તિમાં યાદ તારી વારંવાર છોને આવે,
વૈભવ મહીંયે તને કરું હું તો યાદ !

સુધા કેરી વૃષ્ટિ ચારેપાસ થાય તે છતાંયે
મારે તારો સ્પર્શ એમાં પામવો રસાલ;
ભોગના સિંહાસને વિરાજીને ય મારે મારો
રથ તો છે સોંપવાનો ફક્ત તારે હાથ !

તારા પ્રેમથી જે શોભે રંક કહે કોણ તેને,
શાને તે દરિદ્ર બને રહે કાં કંગાલ;
પતિતપાવન તારા પ્રેમથી મસ્તાન રહું,
બાહ્યરૂપમાં યે બની રહીશ સમ્રાટ !



* * *

### [૧૪] ધન્ય ક્ષણ


એ ધન્ય ક્ષણ જ્યારે તમારી આંખ મુજ આંખે મળી,
નિર્મિત હૃદય તમ કાજ ત્યારે એ સમજ મુજને પડી.

સુણતાં તમારી મંજુ મુખની માત્ર એક સુરાવલી,
મુજ બીન તમ કરથી જ બજવા છે ઘડાયું ગયો લહી.

સંસ્પર્શ અંગ સુવાસનો પામી જ પ્રાણ ગયો કળી,
નીરસ સમા મુજ જીવને છો તમે અમૃતમય કલી.

સંસ્તબ્ધ જીવન આ તમારા પરિચયે જ રગ્યું ઢળી,
નિશ્ચિંત થઈ ગયું છે તમારા થકી મારી સદ્ગતિ.

એ પ્રથમ મિલને પેખતાં તમને રહી રગરગ કહી,
'પાગલ' હતો જે કાજ તે સાકાર ગયું આજે જડી.




* * *

## [૧૫] સૂનું સૂનું

નિર્જનમાં, એકાંતમાં મને સૂનું સૂનું લાગે છે !

ડૂમો બાઝી અવિરત ચાલે, આંસુ ધારા ચાલે છે,
તીવ્ર પ્રહારે કોઈ જાણે, મર્મે મારા મારે છે.
જોને તું જ પોતે દિલ દર્દે કેટલું કેટલું ગાયે છે,
સૂનું સૂનું લાગે છે !

સંગમ પર બેસું સરિતા જ્યાં, આલિંગન બે આપે છે,
કમલ નિહાળું ચંદ્રપ્રકાશે, રાતે જે મલકાયે છે,
કોકિલને સુણતાં ચોરાઈ ગયું કૈકં મારું લાગે છે,
સૂનું સૂનું લાગે છે !



શાંત નિહાળી મુખમુદ્રાને, તુજને શું શું લાગે છે,
ધરતીની અંદર જ્વાલા, કેટકેટલી જાગે છે !
કળ ના વળે મધુરી જ્યાં યાદ તમારી જાગે છે,
સૂનું સૂનું લાગે છે !

* * *

## [૧૬] પંખીને

ઓ પંખી રે, તેં ઉડવાનું ના જાણ્યું !

કયા દેશથી આવીને આ પીંજરમાં જકડાયું,
અરે અભાગા ! એટલું દુઃખ કે ગાઈ શકે ન ગાણું ! ...ઓ પંખી રે

સ્વર્ણપીંજરે હવે સદાને માટે છે સપડાયું,
પાંખ હતી તો કેમ ઉડ્યું ના, હતું હજી તો વ્હાણું ! ...ઓ પંખી રે

અરે અભાગા, અભાગી જ આ પીંજરમાં મલકાતું,
સ્વતંત્ર રૂપે પંખી જોને પેલું વન ઉડનારું. ...ઓ પંખી રે

છટપટાય ના તારી પાંખો, અરે તું હિમ્મત હાર્યું,
પરાધીન જીવન આ તારું, આમ જ જનાર સારું. ...ઓ પંખી રે

ઉડી લે હજી ફરીવાર તું ઓ પંખી મદમાતું,
ફરીવાર જોજે ના આવા પીંજરમાં જકડાતું. ...ઓ પંખી રે

* * *

## [૧૭] ન જાણે

ન જાણે કેટલા દિનથી તને હું ઢૂંઢતો ફરતો,
ન જાણે કેટલા દિલથી હતો હું ઢૂંઢતો ફરતો !

પહેરી પ્રેમથી કંઠી તિલક શ્રદ્ધા તણું ધારી,
લગાવી લગન દિલની દિલરુબા નિશદિન લઈ ફરતો.

સવારે સાંજરે કે રાતમાં પણ ભૂલતો ન હતો,
ભરીને વેદના વહ્નિ જગતમાં ઝૂરતો ફરતો !

થયો પાવન પળે ત્યાં આપણા અંતર તણો સંગમ
તરત ત્યારે પિછાન્યું ઢૂંઢનારો હું મને જ હતો !

* * *

## [૧૮] મજા

મજા અમને જલનમાં કો'ક કાજે આવતી ભારી;
મજા અમને રુદનમાં કો'ક કાજે આવતી ભારી.

અમારા એક આંસુથી ખીલે જો કો'ક ફૂલવાડી,
મટે જો મેલ કોઈના, મજા એમાં રહી ભારી.

અમારા તેજથી અંધાર પથ કોઈકના ઝગતાં,
પ્રકાશિત થાય જો કોઈ, મજા એમાં રહી ભારી.

અમારી આહમાં કોઈકની હો જિંદગી સારી,
મૂકો તો આહમાં અમને, મજા એમાં રહી ભારી.

અમારા અંધ બનવાથી મળે જો આંખ કોઈને,
તપ્યાથી છાંય કોઈને, મજા એમાં રહી ભારી.

બને જો પ્રાણ કોઈનો અમારા લેશ મટવાથી,
રહીએ પ્રતિપળે તૈયાર મરવાની મજા ભારી.

* * *

## [૧૯] મુક્તિ

ધન ભલે છોડી જેને જવું હો તે જાય,
હું તો તેને તુચ્છ નહીં માનીશ કદાય;
ઘરબ્હાર છોડી કરે વનમાં છો વાસ,
મારે ઘરમાં જ રહ્યો વનનો આસ્વાદ.

ભોગ ગણી તુચ્છ તેને મારે ભલે લાત,
હું તો ભોગના સિંહાસને વિરાજું આજ;
સ્ત્રીને ભલે ત્યાગે, માને ક્લિષ્ટ તેની કાય,
મારે પ્રભુરૂપ લક્ષ્મી સેવે નિત પાય.

જીવન ક્ષણિક કહી દોડે વનવાટ,
મારે માટે તો અનંત ચાલે શ્વાસેશ્વાસ;
પ્રેમના સંબંધ છોડી જાયે શાંતિ કાજ,
પ્રેમસંબંધે સદાયે મારે તો આરામ.



સુંદર ને સત્યમાંથી થયો અવતાર,
સુંદર ને સત્યમાં જ મળિયું છે સ્થાન;
કોને છોડવાનું રહ્યું, વળી કોને કાજ,
એ તો બધો ભ્રમ, હું તો ભ્રમતણી બ્હાર.

જ્ઞાન એક મેળવીને થવાનું છે શાંત,
તેને બદલે ફેલાવી કેવી બાહ્ય જાળ;
હું તો આ સ્વરૂપ સ્થિતિ ધારીને હંમેશ
થાય છે તે કરી રહું છું કાર્ય સૃષ્ટિ કાજ !

વૈરાગીઓ છોને કહે આને એ વૈરાગ,
મને એવા વૈરાગથી યે થયો વૈરાગ;
હું તો પંખી જેમ કરું કિલ્લોલ સદાય,
વિશ્વના માળામાં મારે મુક્તિ સદા કાજ.

* * *

## [૨૦] નૈયા

હંકારો રે, હલેસાં મારો રે, ચાલી અમારી નૈયા !
ભર દરિયે તોફાન મધ્ય રે ચાલી અમારી નૈયા !

તોફાનથી તો ડરે કદી ના, એવી અમારી નૈયા,
મરણનાય મુખમાં રમનારી, નાની અમારી નૈયા ! ... હંકારો રે

આનંદની લ્હેરે લ્હેરાતી ચાલતી, એવી અમારી નૈયા;
ઝંઝાવાતે ઝુમનારી અમારી, ન્હાની શી એવી નૈયા !... હંકારો રે

કોઈની યાચના કોઈની દયા ના, એકલી જનારી નૈયા;
સમદરને નાથીને પાર એ આવતી, એક અમે એના ખેવૈયા ... હંકારો રે

ભૂત વર્તમાન ભાવિ રાખ્યાં છે હાથમાં, તૂટી ના તૂટે નૈયા;
સ્નેહે અમે તો એની સાથે ખેલી રહ્યા, ખેલી રહે જેમ છૈયાં ! ... હંકારો રે

* * *

## [૨૧] ઉત્સવટાણું

ભાઈ, આ તો ઉત્સવટાણું.
જીવનમંગલ માણવા માટે અવસર આવ્યો અનોખો,
જોજો રહી જાય અંતરમાંહી નાનો કે મોટો ધોખો;
એકલ હોય પ્રવાસ છતાંયે ગાવું ગૌરવગાણું. ... ભાઈ, આ તો ઉત્સવટાણું.

પ્રારંભથી હતી જાણ પૂરેપૂરી પંથ ગુલાબે ભર્યો ના,
કંટક કેવળ તેમ ના તેમાં, આરામ થાક રહ્યો ના.
તૃષ્ણા તજીને કર્મ કરી લેતાં અશ્રુ આવી જાય શાનું ? ... ભાઈ, આ તો ઉત્સવટાણું.

સંગી ને સાથી નથી મળવાના મિત્રો વળી મમતાળુ,
પોતાનાં માનેલાં પારકાં બનતાં વીંટી વળે છે અંધારું;
નિર્ભર આત્મપ્રકાશે રહીને કાપવી કેડી ચારુ. .... ભાઈ, આ તો ઉત્સવટાણું.

લાખ નિરાશાથકી પણ પામવું આશારશ્મિ રૂપાળું,
વેદના ચિંતા પરાજય અંતે માણવું જયસુખ ન્યારું;
ત્યાં લગ કેમ નખાય નિસાસા, વીરનું જીવન જાણું. ... ભાઈ, આ તો ઉત્સવટાણું.

* * *

## [૨૨] નવું વર્ષ

વર્ષ જાયે એક બીજું સ્થાન લે એનું,
સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું ?
જાય જૂનું, નવું આવે, ચક્ર ચાલે છે,
માનવી ઈચ્છે ન ઈચ્છે તોય ચાલે છે !

જુઓ વર્ષા વીતતાં આ શરદ છે આવી,
હજી હમણાં તો હશે હેમંત પણ ફાવી,
શિશિર તેમ વસંત પાછી ગ્રીષ્મની ચાવી,
ફેરવાયે નિયતિ તાળે અલગ કૈં ચાવી.

ઋતુ પછી ઋતુ અન્ય આવે સ્થાન લે એનું,
સનાતન સંસારમાં અસ્તિત્વ છે કેનું ?
ઉષા સૂર્યોદય વળી મધ્યાહ્ન સાંજ પડે,
સાંજ પણ પાછી શમે છે અંધકાર વડે;

તારલાની માળ સાથે રાત આવે છે,
પ્રકટ થાય પ્રભાત, પાછું તેમ ચાલે છે.
રાતદિનનો ક્રમ નિરંતર સ્થાન લે એનું,
સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું ?

હરખ પૂરો થાય ના ત્યાં શોક આવે છે,
મૃત્યુ થાયે ત્યાં જ મંગલ ગીત ગાયે છે;
જોડલી સુખદુઃખ ને આરોગ્ય-રોગ તણી,
એમ જોડી જાય આવે એક સાથ ઘણી.

પતનને ઉત્થાન પૂરે, સ્થાન લે એનું,
સનાતન સંસારમાં અસ્તિત્વ છે કેનું ?
બાલપણ યૌવન બને, યૌવન જરા થાયે,
તે વિલીન બને વળી નવજીવન જાયે;

બીજ તરુથી ફળફૂલ ને બીજ પાછું થાય,
જલદ સાગરથી બનીને સાગરે જ સમાય.

વિરહજ્વાળા, મિલન-છાયા સ્થાન લે એનું,
સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું ?

એટલા માટે કરાવી યાદ આવી વાત,
નિરુત્સાહ બને રડે શોકિત ન થાયે જાત;
નવા જીવનની રહે આશા સદા ભરપૂર,
ખંત શ્રદ્ધા યત્નમાં માનવ રહે ચકચૂર.

નિત્ય નૂતન સનાતન તમને જ પામે જે,
ચક્રથી છૂટી સનાતન સ્થાન પામે તે;
કાળ, ગુણ ને અવસ્થાથી પર બની જાયે,
તમારો જે બને તેને ભય નથી કાંયે.

એટલે તો મિલન માંગુ તમારું ઊજળું,
તમારી જ કૃપા તમારી પ્રીતમાં ઉછરું !
વર્ષ જાયે એક બીજું સ્થાન લે એનું,
સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું ?



* * *

## [૨૩] પૂરવ જનમનો પ્રેમ

આપણો તો પૂરવ જનમનો પ્રેમ,
તમે ભૂલી ગયાં છો કેમ ? ....આપણો

વારેવારે તમોને યાદી આપી મેં, પ્રીતનો ન્યારો નેમ;
તોયે ના પ્રેમ કરી પાસે પધાર્યા, રોઈ રહ્યો એમનેમ. ....આપણો

પ્રેમી કદીયે ના છૂટાં પડે છે, કથામાં કહેવાય એમ;
પ્રાણ એક બંનેના બોલાય એવું, વિસરી ગયાં કે કેમ ? ....આપણો

પ્રાણને ઉજાળીને ક્રાંતિ ધરે છે, લાજે એની પાસે હેમ;
પૂજા એ પ્રેમની જુગ જુગથી ચાલતી; પૂર્ણાહુતિ થાય કેમ ? ....આપણો

આઘે રહ્યાં કેમ વરસોથી આજે, શાને કરો ના રે'મ ?
પૃથ્વીમાં આવીને પાડ્યો પોકાર મેં, તમને જ કીધો પ્રેમ. ....આપણો

સાથે રહીને વાતો કરેલી, લીલા કરેલી તેમ;
છાયા ને તાપ જેમ સાથે રહેતાં; ભૂલી ગયા કે કેમ ? ....આપણો

વિસરી વિસરાય ના વાતો પુરાણી, ના થવાય અજ્ઞની જેમ;
ધર્મ તમે ભૂલશો તો કેમ કરી ચાલશે, મર્યાદા રે'શે કેમ ? ....આપણો

સંદેશ આપવાના તમને ના હોયે ગાઈ ગીતોમાં પ્રેમ;
પોકાર્યા પહેલાં પધારવું ઘટે છે, માનું છું હું તો એમ. ....આપણો

પ્રીતડી પુરાણીને યાદ કરી આવજો દારુડિયાની જેમ;
જડ ને ચેતનમાં પ્રસર્યાં છતાંયે પ્રકટો બનીને પ્રેમ. ....આપણો

* * *

## [૨૪] પ્રથમ વાર

પ્રથમવાર પ્રકટેલાં ત્યારે શક્યો નહીં જાણી,
સદા કાજ છોડીશ હવે ના, રહીશ રસ માણી,
પ્રકટ બની લો પ્રેમ કરીને રૂપ લઈ મધુરું,
કૃતાર્થ થાયે કાયા મારી અમી લભી અદકું.

પ્રથમવાર પ્રકટેલાં ત્યારે શક્યો નહીં જાણી,
સદા કાજ છોડીશ હવે ના, રહીશ રસ માણી.
કોને ખબર હતી કે પડશે વિરહે મરવું આમ,
દિવસો સુધી ન ક્યાંયે મળશે કરવા માટે કામ ?

જેને ઝંખ્યા તે જ જડેલાં હતી ન ત્યારે જાણ,
દિલ દીધું તે દિલથી આવ્યાં કરવા રસની લ્હાણ,
મંદિરના પ્રાંગણમાં પ્રકટયાં, પ્રકટે જેમ પ્રભાત,
નવ્ય તેમ રસમય તેજેભર, પ્રકટે જેમ પ્રભાત.

સૂર સાંભળી મારા રોયાં વ્યક્ત કરીને પ્રીત,
પરંતુ મેં સંદેશ સુણ્યો ના, ના જ સુણ્યું સંગીત,
માનવરૂપે પ્રકટ થયેલાં, સમજ પડી ન મને,
સમજાવ્યું ના તમે ય મુજને જોકે બેઠાં કને.

નહિ તો સિદ્ધિ હતી સાંપડી, તપ પણ થાત પૂરું,
વસવું પડત ન વનમાં મારે ગીત લઈ અધુરું.
પ્રથમવાર પ્રકટેલાં ત્યારે શક્યો નહીં જાણી,
સદા કાજ છોડીશ હવે ના, રહીસ રસ માણી.

પ્રસાદ આપ્યો તમે છતાં યે આરોગ્યો ના મેં,
એ માટે અફસોસ ખરેખર મારે હૈયે છે,
પ્રકટ થઈને પ્રસાદ આપો ફરી પ્રેમથી આજ,
પલટાઈ જાયે તનમન આ, પૂરણ થાયે કાજ.

અંતરે પ્રાર્થે ક્ષમા કરીને મારા દોષ તમે,
આજે પ્રકટો તો ઉપવાસી બાલક કાલ જમે.

પ્રથમવાર પ્રકટેલાં ત્યારે શક્યો નહીં જાણી,
સદા કાજ છોડીશ હવે ના, રહીશ રસ માણી.

* * *

## [૨૫] પ્રાર્થના

હૈયે હેત ભરી, અંગે તેજ ધરી,
આજે આંગણે મારે આવો, મને પ્રેમપિયાલો પિલાવો.

વદને સજતાં સ્મિત ચારુ, નયને ભરતાં મધુ ન્યારું,
બધે ગંધ ભરી, મધુ શબ્દ કરી, તમે આવો. ... મને પ્રેમ પિયાલો.

લઈ રૂપ ખરે રઢિયાળું, વળી અંગ સુવાસિત સારું,
મને શાંતિ ધરો, વળી ધન્ય કરો, તમે આવો. ... મને પ્રેમ પિયાલો.

જોવા તમને સદાયે ચહું છું, કાલા ઘેલાં કૈં ગીતો કહું છું;
માની મોતી મણી, સુપ્રસન્ન બની, તમે આવો.... મને પ્રેમ પિયાલો.

જીવું એકલ આ જગમાં હું, સાથ સાચો તમારો ચહું છું;
મને સાથ ધરો, બધો થાક હરો, તમે આવો. ... મને પ્રેમ પિયાલો.

તમે દીનબંધુ કહેવાઓ, કેમ દીનતા ના જ મીટાવો ?
નાથ, છાયા ધરો ને સનાથ કરો, તમે આવો. ... મને પ્રેમ પિયાલો.

પહેલાંયે કૃપા તો કરી છે, કિન્તુ તરસ બધી ન ટળી છે;
કૃપા થાય ફરી એવી આશ ભરી, તમે આવો. ... મને પ્રેમ પિયાલો.

જોઉં રૂપને આંખ ભરીને, કરું વાત ઉમંગ કરીને;
એવી આશ લઈ, બેઠો આર્ત થઈ; તમે આવો. ... મને પ્રેમ પિયાલો.

પાર વિનાના પ્રેમની પ્યાલી, મારી મુખમાં કરી દો ખાલી;
વિષ સર્વ મરે, હેતુ સકળ સરે; તમે આવો. .... મને પ્રેમ પિયાલો.

* * *

## [૨૯] વ્યથા

બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા,
ઉડાવે લિજ્જત બધાં, મારી કરુણ કથા.

નજર નાખું ત્યાં જણાયે ખૂબ ઉડતો રંગ,
નથી ચિંતા લેશ કે આનંદનો યે ભંગ.

માણસો મશગુલ બન્યા છે વિવિધ કૈં કામે,
ખાય પીએ લહેર કરતા પર્વને નામે;
પોતપોતાની સમજ શક્તિ પ્રમાણે સૌ,
લ્હાવ લે છે, લ્હાવ દે છે, વ્યથા વિસરી સૌ.

દિવસ છે એવા અનેરા દિવાળીના આ,
દીન આર્ત અનાથ પણ પ્રેરાય ઉત્સવમાં;
હરખતા રોગીજનો પણ લૂંટતા રસ શા !
હું ય લૂંટું, પણ તમારા વિના રસ છે ક્યાં !

બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા,
ઉડાવે લિજ્જત બધાં મારી કરુણ કથા.

પર્વના દિવસો થવાના હવે છેક પુરા,
માનવી ફરશે ફરીથી ધરી કર્મધુરા;
કિન્તુ વદને ચમકશે આનંદની છાયા,
ઊડાવી લિજ્જત કરી દેશે જુદી કાયા.

પર્વ મારી જિંદગીમાં ક્યાં હજી આવ્યું ?
પર્વ ઉત્સવ પણ તમારા વિના ક્યાં લાવ્યું ?

બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા,
ઉડાવે લિજ્જત બધાં મારી કરુણ કથા.

છતાં આજે અનુભવું આનંદ થોડો હું,
સમાધાન કરું વિચારી ચિત્તનું પણ હું;

ઉચ્ચ હેતુ તણો થઈ જે યજ્ઞ આજ રહ્યો,
યજ્ઞમાં તે થઈ આહુતિ હું અખંડ રહ્યો.

શોક શાને તો પછી, શાને નિરાશા તો ?
વ્યથામાં યે આટલો સુખશ્વાસ હું ભરતો.

આજના મંથન થકી માખણ થશે કાલે,
ઉષાક્રાંતિ થકી પ્રકાશે ભાનુ નભભાલે,
તેમ ક્રાંતિથકી પ્રકટશે નવલ કો ભાનુ,
એ સજી શ્રદ્ધા વ્યથામાં મધુરતા માણું.

તમારી પ્રાપ્તિ વિના ક્યાં છે અખંડાનંદ ?
સનાતન છે શાંતિ કોને; મળે કોને રંગ ?
ઈન્દ્ર તેમ કુબેરના યે રંગ થાયે ભંગ,
વિષાદે પલટાય પાછા માનવી રંગ.

વ્યથા બાદ પરંતુ મુજને રંગ મળશે જે,
છેક નૂતન ને અખંડ હશે સનાતન તે
આજ જ્વાળા વિરહની કાલે મિલન માળા,
વ્યથા આજે કાલ તેથી થશે રસ ધારા.

એ ધરી વિશ્વાસ આપે તપું તેમ જલું,
સહુ સંકટ, વેદના વરસે છતાં ન હલું.

બની આશીર્વાદ અભિનવ દિવ્ય આવો આજ,
થાય તો આનંદ મારે, મળી જાયે રાજ.

બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા,
ઉડાવે લિજ્જત બધાં મારી કરુણ કથા.

* * *

## [૨૭] અનુરાગ

અંતરનો અનુરાગ થયો છે !
દિવસે દિવસે વધતાં વધતાં ભાવોનો મધુબાગ બન્યો છે ! ... અંતરનો

કેમે કરતાં ના જ ટળે એ ના ટળશે જીવનમાંથી તે;
તનમન માંહી મળી ગયો છે, એક નવો સંસાર થયો છે ! ... અંતરનો

જ્યોત જલે જેવી મંદિરમાં, પ્રકાશ તેનો ખૂબ ભર્યો છે;
તિમિરપડળ તૂટ્યાં છે સઘળાં ઉત્સવ અપરંપાર થયો છે. ... અંતરનો

એક તમારા ભાવ ભર્યા છે, અન્ય વિચાર ખરે મર્યા છે,
રાગ તમારો એક રહ્યો છે, પ્રાણ નવીન પ્રફુલ્લ થયો છે. ... અંતરનો

અમર રહે અનુરાગ ભલે તે જીવનને અમૃતમય છે એ;
દિવસે દિવસે વધે ભલે ને; તેથી તો મુજ વેશ ફર્યો છે ! ... અંતરનો

તમને પણ અનુરાગ સદા હો, મુજ માટે મધુભાવ સદા હો;
અનુરાગ તણા સંગમસ્થળ પર મિલન આપણું આજ મહા હો ! ... અંતરનો

મારા ઉપર ઉપકાર કર્યો છે, અંતરમાં અનુરાગ ભર્યો છે ! ... અંતરનો

* * *

## [૨૮] દીપાવલી


દીપાવલી કેમ સજે ન સાજ, પ્રકાશની રાત મહાન આજ.

ઘરે ઘરે દીપક છે પ્રકાશ્યા, અનંત છે મંદીરમાં વિરાજ્યા;
દેખાય તારાગણ છેક કાચા, પ્રકાશને યે પ્રકટેલ વાચા !

પ્રકાશના પંથતણો પ્રવાસી, બેઠો હું આજે તજતાં ઉદાસી;
થઈ રહ્યો અંતરમાં અવાજ, પ્રકાશની રાત મહાન આજ.

પ્રકાશનો પૂરણ પંથ થાય, સિદ્ધિ મળી પૂરણ આજ જાય;
સજી લઉં સુંદર છેક સાજ, પ્રકાશની મંગલ રાત આજ.

દીપાવલીથી વધુ તેજ ધારી, સુવાસ ને કાંતિ અનંત ન્યારી,
લઈ પધારો મુજ પાસે પ્રેમે, કૃપા કરો આજ અવશ્ય કેમે.



પ્રેમ પાવન આજે તો પૂર્ણ સાધનકાલ હો,
કાલે સંસિદ્ધિનું ન્યારું પ્રકટેલ પ્રભાત હો !

* * *

## [૨૯] ગીતોની ગંગા જમનાને

ગીતોની ગંગા યમુનાને વિશ્વમાં વહાવું !
આશા છે ઉરમાં એવી કે તમારો કહાવું ! ... ગીતોની

અંતરની ગંગોત્રી ને જમનોત્રી જે કહો તે,
પાવન છે તેને સ્પર્શે આ ગીતો બધાં યે;
નિર્મલ ને નેહ ભરેલા આ સરોદો વહાવું,
સંવાદી છેક ન્યારા; ને તમારો કહાવું ! ... ગીતોની

પાવન હો પ્રાણ એથી, પૃથ્વી હો શાંત તેથી,
સંતાપ શાંત હો એથી ને પીડો પણ હો હેઠી;
નવરચનામય ઉર-લહરીને બધે યે વહાવું,
ને તનમનના મેલ બધાયે સદાયે વહાવું ! ... ગીતોની

છો સ્નાન કરે કૈં એમાં, પલટાવે જીવન તેમાં,
છો કાગ હંસમય થાયે ને પાપી પુણ્યે નહાયે;
નવ-પ્રાણ-પ્રકાશ ભરેલી કવિતા વહાવું,
કર્કશતા ક્લેશ શમાવીને સૃજનને સુહાવું ! ... ગીતોની

દર્શન આચમને સ્પર્શે ઉર ઉભરાજો નિત હર્ષે,
'પાગલ' આતુર જે તરસે તે ઉત્સવ છોને કરશે;
યુગયુગ સંદેશ ધરે એવી સરિતા વહાવું,
દિગ દિગમાં એક તમારો હું મહિમા વહાવું !...ગીતોની

* * *

## [૩૦] વિરહના દિવસ

હે વિરહના દિવસ સારા, હો પસાર હવે તમે,
જેમ વાદળ વ્યોમનાં આ; વિરહ વધુ હવે ન ગમે ... હે વિરહના.

જેમ પાણીના પ્રવાહો ત્વરિત ગતિથી આ વહે,
ત્વરિત તેથી યે વહેજો; પ્રાણ મારો સુખ લહે. ... હે વિરહના.

દુઃખનો અનુભવ ન થાયે, લેશ ચિંતા હો નહીં;
થાવ ઉપકારક તમે તો, અંતરાય ધરો નહીં. ... હે વિરહના.

નાવ પાર કરે નદીથી, કાળ નીર થકી તમે
પાર કરજો તેમ મુજને, મન મરે કે ના ભમે. ... હે વિરહના.

જ્યોતિ જેમ જલી જઈને તેજની રેખા ધરો;
બીજ બનતાં શુષ્ક રણને કાલ અંકુરથી ભરો ! ... હે વિરહના.

અંધની દ્રષ્ટિ બનો ને બધિરનું સંગીત હો;
ચેતના જડની; કરી દો યોગ તેમ વિયોગનો ! ... હે વિરહના.

ત્રુટિત તારોને મિલાવો, હૃદયનો સંગમ કરો;
સમર્પણ સઘળું કરીને મિલનની મહેફિલ ધરો. ... હે વિરહના.

તૃપ્તિ આપો તપ્તને, સેવા અનોખી એ કરો,
છોડી પ્રમાદ પસાર થાઓ, જિંદગી સાર્થક કરો. ... હે વિરહના.

મિલનની મધુરી પળે જલદી પહોંચાડો મને,
આજ તો થાઓ સફળ, પાછા ફરો ના મુજ કને. ... હે વિરહના.

* * *

## [૩૧] ગાયક

ગાયક તમે કર્યો છે મુજને, ગીત સદા ગાઉં,
પિયૂષ આ પૃથ્વીમાં ફરતાં પીઉં ને પાઉં !

કદી હિમાલયનાં શૃંગો પર ને જંગલ જાઉં,
સમુદ્ર તટ પર કદીક રણમાં, રસગંગા લાવું ! ... ગાયક

પ્રેમશાંતિના સરોદ છેડું બીજ મધુર વાવું,
ફાલે ફૂલે ફોરમ આપે, ગીત નવાં ગાઉં !

કટુતા તેમ વિષાદ વિશ્વનાં ખરેખર વહાવું,
બ્રહ્મા બની રચું, સંગીત સર્જેલ સુહાવું ! ... ગાયક

મધુર રાગથી ભર્યો છે મને, તમારું જ ગાઉં,
ગીત તમારાં કહો પછીથી કવિ કેમ કહાવું ?

આ માટે છે મને મોકલ્યો, ન્હવરાવું ન્હાવું;
તમે પરબ પ્રેમ તણી માંડી, તેમાંથી પાઉં ! ... ગાયક

* * *

## [૩૨] તમે અને હું

એવરેસ્ટ થકી ઉંચા એકાકી શિખરે તમે,
સમાધિ મગ્ન બેઠાં છો; વાયુ જ્યાં મધુરો રમે.
હિમપર્વતમાં વ્યાપી શાંતિ સર્વત્ર શીત જ્યાં,
પદ્મશાં લોચનો બીડી બેઠાં છો આત્મલીન ત્યાં.

ત્યાં આવતી આતુર એક કન્યા,
વિષાદમાં મગ્ન છતાં ય ધન્યા;
ભેટી પડે તે તમને ત્વરાથી,
સંતાનની સ્નેહભરી અદાથી !

ઉઘડે આંખ ને ઢાળે અમીધારા અનંત ત્યાં;
ઉચ્ચારો વચનો મીઠાં તમે ભાવભરેલ શાં !
શબ્દ સંગીત ગંગાના રૂપમાં પ્રકટી તમે,
કન્યાની સાથ ચાલો છો પીગળી પ્રેમથી તમે.

પ્રસન્નતા પ્રકૃતિ આજ ધારે,
પૃથ્વી વળી આરતિ શી ઉતારે !
દિશા બધી હર્ષ થકી ભરાયે,
ને પ્રેમથી 'પાગલ' શી જણાયે !

શબ્દસંગીત ગંગા હું તમારું જ સ્વરૂપ છું;
કન્યા પ્રીતિ-કરુણા તે; ગૂઢ આમાં નથી કશું !
આકર્ષણ થકી એના સ્વેચ્છાએ જન્મતાં જગે,
શ્વાસ સ્નેહભર્યો લો છો મારા રૂપે યુગે યુગે !

* * *

## [૩૩] બીલીપત્ર

ચઢાવું બીલીપત્ર ના હું !

કોમળ પર્ણ કુસુમ કાં તોડું, સાજ સજાવું શું !
જ્યાં પ્રકટ્યાં ત્યાં પૂજા કરતાં, બધે વિરાજે તું ! ... ચઢાવું.

કોટિ કમળ શણગારું શાને, સલિલમહીં છે તું;
ભંગ કરીને શોભા તારી સુશોભિત કરું શું ? ... ચઢાવું.

જ્યાં ઉગ્યાં ત્યાં ચઢી ચૂક્યાં છે,ફરી ચઢાવું શું ?
વિમૂઢ મન ના કેમે માને, વ્યર્થ મનાવું શું ? ... ચઢાવું.

તન મન અંતર ત્રણ પત્રોનો અર્પણ પ્રાણ કરું,
પ્રાણે પુનિત પ્રેમ પ્રકટાવો, તે નૈવેદ્ય ધરું ! ... ચઢાવું.

* * *

## [૩૪] પ્રશ્નોની પરંપરા

તારું આટલું બધું તે સુંદર રૂપ, ઘડ્યું કયા ઘડનારે ?
તારું આટલું બધું વરણાગી રૂપ, ચિતર્યું કયા ચિતારે ?

જે સુંદરતા છે જગમાં, તે તારા પડછાયા શી;
તું કેન્દ્ર, ફરે તુજ પાછળ, આ મુગ્ધ બધી યે સૃષ્ટિ.

તારું આટલું બધું રસસાગર રૂપ, ઘડયું કયા ઘડનારે ?
તારું આટલું બધું મધુમંગલ રૂપ, ચિતર્યું કયા ચિતારે ?

આ અંગ આખું શું સુડોલ, તેજોમય મનહર લોલ;
તુજ બરાબરી તે કયાંથી, ને કરી શકે જન કોણ ?

તારું આટલું બધું તે સુંદર રૂપ, ઘડયું કયા ઘડનારે ?
તારું આટલું બધું વરણાગી રૂપ, ચિતર્યું કયા ચિતારે ?

તુજ કરતાં વધુ સુંદરતા, ને શુચિતા જગમાં ક્યાંય ?
સ્વપ્ને પણ ના એ પૂછવું, છે ત્રિભુવન તારી છાંય

તારું આટલું બધું તે સુંદર રૂપ, ઘડયું કયા ઘડનારે ?
તારું આટલું બધું મનમોહન રૂપ, ચિતર્યું કયા ચિતારે ?

* * *

## [૩૫] વીણા

વીણા તારી અંદર જો વાગે.

શંખ મૃદંગ વિવિધ વાજિંત્રો, હૃદય ભરે છે રાગે;
સૂર અનેક અન્ય પણ જોને, અનાદિ એવા જાગે. ... વીણા

વાદળ ગગડે, ઘંટારવ ને, સાગર પણ ગાજે;
સંગીત શરૂ થયું અનેરું, અગણિત કૈં રાગે. ... વીણા

સંતકૃપાથી સુણ એને તો ભ્રાંતિ બધી ભાગે;
સુરતાને સાધી લે એમાં, મુક્તિ નહીં માગે. ... વીણા

સહજ સમાધિતણું સુખ પામે, અંદર જો જાગે;
'પાગલ' પ્રીતમ પ્રભુને મળતાં, વિલંબ ના લાગે ... વીણા



* * *

## [૩૬] પ્રેમની પિપાસા

મને પ્રેમ જ તારો પાઈ દે, બીજું બધું ભુલાવી દે !

જે ધનવૈભવને ઈચ્છે તેને ધનવૈભવ તું આપી દે,
હું તો સદા રહ્યો કંગાલ તારો પ્રેમ મુજને પાઈ દે.

જે સ્વર્ગમુક્તિના ભિક્ષુક તે પર સ્વર્ગમુક્તિ વરસાવી દે
હું તો પ્રેમપંખી, પ્રેમભવનમાં પ્રેમમાં નવરાવી દે.

જે શાંતિ ચાહતા, શક્તિ માગતા, તે પર તે વરસાવી દે,
પ્રેમીને ક્યાંથી શાંતિ, પ્રેમની પૂર્ણ શક્તિને ઢાળી દે.

જે નામ માગતા, ઉપહાર ચહે, ભાગ્ય તેમને ભારી દે,
હું તો તારો ઉપકાર ચહું, પ્રેમી ગુપ્ત મને તું બનાવી દે.

નયનોમાં મસ્તી તારી અંગે રૂપસુધા છલકાવી દે,
તું જ દ્રશ્યરૂપ બન, હૃદયે કેવલ તારો જાપ જગાવી દે.

દે શરીરભાન ભુલાવી, અલ્પ અહંકારે ય ઉડાવી દે,
મુજને તો કેવલ તારો, તારો નશેબાજ તું બનાવી દે.

સુરદુર્લભ જોજે ભાગ્ય મળ્યું આ તેને કદી ગુમાવી દે,
કૈં વરસે તને મળ્યો હું પી,પી પિયૂષ પ્યાસ બુઝાવી લે.

* * *

## [૩૭] પ્રેમીને

ડરે જો દર્દથી તો કદમ આ પંથે નહીં ભરતો,
ડરે જો અશ્રુથી તો પ્રેમના દ્વારે નહીં મથતો.

હૃદયમાં વાસના તારે પ્રતિષ્ઠા ભોગને કાજે,
ડરે પોકારથી તો પ્રેમને માટે નહીં મથતો.

ગુલાબી રાહમાં ફરવા સદા ઈચ્છા રહી મનમાં,
ડરે કંટક થકી તો ભૂલથી પણ ના અહીં ફરતો.

પ્રણયને બાંધવા માગે, મથે પરિસીમ કરવાને,
વિલોકે જો ન વસુધામાં પ્રણયને દ્વાર ના રડતો.

જલાવે ઈશ્ક અંગારે, બની તલવાર એ કાપે
કપાતાં દાઝતાં ડરતો અમારી સાથ ના ભળતો !

ખુદી દે આગમાં બાળી બની 'પાગલ' સદા ભાઈ !
નિરંતર જો હું હું કરતો અમારી સાથ ના મરતો !

લૂંટી લે પ્રેમ અંતર તેમ ભિક્ષુક શા બનાવી દે,
બને ના બાદશાહ છતાં તન નહીં વ્યર્થ તો વહતો.

અનોખી એક દ્રષ્ટિમાં બલિ થવા નાતું તત્પર હો,
દિવાનાપન થકી ડરતો સ્વયંવરમાં નહીં ભળતો.

ન લાગે ઈન્દ્ર ને નૃપ અન્ય સૌ પદધૂલિના જેવા,
રમે તર્કેવિતર્કે તો ફરી પગલાં નહીં ભરતો.

* * *

## [૩૮] ખૂબ

કરતાં તારી યાદ,
આંખમાંથી આંસુ ટપકે એક તો પણ ખૂબ છે !

જોતાં તારી આંખ,
એક જાયે નિકળી જો આહ તો પણ ખૂબ છે !

પાવન તારો પ્રેમ,
એ મહીં મદમસ્ત છૂટે પ્રાણ તો પણ ખૂબ છે !


* * *

## [૩૯] પ્રેમનગરના વાસી

પ્રેમનગરના વાસી, અમે તો પ્રેમનગરના વાસી.
જ્ઞાન ભક્તિ અમારી દાસી, અમે તો પ્રેમનગરના વાસી.

ભવનો સાગર રહ્યો જેને સતાવી
તે છો જાયે બધુ ત્યાગી;
સચરાચરે અમે તો ક્રીડા કરી રહ્યા,
જ્યાં ત્યાં જઈએ ત્યાં કાશી. ... અમે પ્રેમનગરના

પગલેપગલે અમારે તીરથ મંડાતા;
મુક્તિ અમારી પટરાણી,
શાંતિના સ્વામી અમે આનંદે રાચતાં,
ચિંતાની પોટલી ફગાવી. ... અમે પ્રેમનગરના



આઠે પહોર આવે અહીં તો દીપાવલી,
ઈદ છે અહીં તો સદાની,
આત્માના આસને અમે તો વિરાજ્યા,
તે જ દિનથી બડભાગી. ... અમે પ્રેમનગરના

આઠે પહોર અમે પ્રેમની મદિરામાં
અંગને રહેતાં પખાળી,
અવનીમાં એક અમે પ્રેમી પૂરેપૂરા,
અમારા વિના નહીં કાંઈ. ... અમે પ્રેમનગરના

* * *

## [૪૦] નામ તથા ધ્યાન

મુખે તારું નામ, હૃદયે તારું ધ્યાન !

મંગળ મંજુલ પાવનકારી મુખમાં તારું નામ,
રસગંગામાં સ્નાન કરાવે હૃદયે તારું ધ્યાન. ... મુખે તારું નામ

સ્મરણમનન તારું જ મન મહીં તારું રૂપ વિરાટ,
સંધ્યા ઉષા ચરણમાં તારે વિહંગ મારો પ્રાણ. ... મુખે તારું નામ

તું જ પ્રિય ગુરૂ બંધુ તું જ તાત માત,
તું જ મારે મિલકત ભારી તું જ મારે શ્વાસ. ... મુખે તારું નામ

બીજે મારે નહીં આશા આ જ રહો ભાગ્ય,
મારી સાથે પ્રેમ કરી તું યે હો બડભાગ. ... મુખે તારું નામ

હવે મને શી પરવા છે મુખે તારું નામ,
ધન્ય' પાગલ' જે ક્ષણ તુજને લાગ્યું મારું ધ્યાન. ... મુખે તારું નામ

* * *

## [૪૧] હોડી

કિનારે તૈયાર ઊભી છે સફર કરવા,
કૈંક હોડી; કૈંક માંડી તેમ ડગ ભરવા;
અન્ય કોઈ સફર કરતી ફરે છે જલમાં,
વાયુ સાથે વહે કેવી સિંધુના જલમાં !

કો'ક રોકાઈ રહી, કોઈક અથડાઈ,
ખડક સાથે; કો'ક આંધીમાં જ અટવાઈ;
કો'ક બડભાગી કિનારે જઈને બેઠી,
સફળ કરતાં સફર, ચિંતાને મૂકી હેઠી.

હજારો હોડી હજારો જિંદગી એવી,
સફર કરવાને મળી સંસારમાં કેવી !
કો'ક તો રમતી કિનારે, કો'ક માર્ગ કરે,
કો'ક અટવાઈ પ્રલોભનોમાં જ વ્યર્થ મરે;

કો'ક આંધીમાં ફસાતી, દ્વંદ્વમાં રમતી,
એક બે ભાગ્યે જ આખર મુક્ત પૂર્ણ થતી.

* * *

## [૪૨] હૈયે હયે

હૈયે હૈયે હરિનો વાસ, એમાં ભેદ નથી કૈં ખાસ.

જડચેતનમાં રાસ રમે છે પ્રાણતણો પણ પાસ;
વિરાટ અલ્પ બધામાં વસતો, હો સ્વામી કે દાસ ... હૈયે

રાય રંકના ભેદ ન તેને, બધે કરે આવાસ;
મહેલ તેમ મઢીમાં મંગલ જંગલ લે છે શ્વાસ ... હૈયે

રણને વનમાં, જળ સ્થળ થાયે એનો દિવ્ય પ્રકાશ;
ઉડુગણને આભલિયામાં એ રોજ રમે છે રાસ ... હૈયે

રક્તે રણકે, મલકે મનમાં, સર્જન કરે વિનાશ;
જગજીવન જીવનને આપે, રહે સદા અવિનાશ ... હૈયે

નિહાળ એને હૈયામાં તો તૂટે સઘળાં પાશ;
જ્યાં દેખે ત્યાં એને જોતાં પૂરણ પામ પ્રકાશ ... હૈયે.

* * *

## [૪૩] કોઈયે બોલાવનારું

કોઈયે બોલાવનારું હોય ના સપ્રેમ,
બેસીશ ના તોય કદી શોકિતની જેમ;
મૂઢ બની ગ્લાનિ ભરી, કરતો ના ક્લેશ,
એનો પ્રેમ તારે માટે ઘટશે ના લેશ.

હાથને લંબાવી તારો કરશે સત્કાર,
મીઠા સ્વરે અંતરનો દૂર કરી ભાર.

આંસૂડાને લૂછનાર કોઈયે ના હોય,
પોકારને સાંભળે ના શાંત કરે કો'ય;
નિરાશ થઈને તોય બેસતો નહીં,
સાથ એનો તારાથી ન છૂટશે કહીં.



આંસૂને લૂછીને કરી દૂર સૌ પોકાર,
ન્હવડાવી દેશે તને ધન્યતાની ધાર.

લોકોની નિંદા ને ટીકા તિરસ્કાર તેમ,
અંતર કરી દે તારું શુષ્ક રણ જેમ;
ક્યાંયે ના આધાર મળે ઠરવાનું ઠામ,
યાદ કરી લેજે ત્યારે એહનો મુકામ.

મંદિરને તારે માટે ખુલ્લું મુકી રોજ,
રાહ જોશે, કરી લેજે તેની જરા ખોજ.

સંપત્તિ શ્રી ઐશ્વર્ય કે યશ યે સુકાય,
હૈયું ગુંગળાય, ક્યાંય પાય ના મૂકાય;
સુઝે નહીં કાંઈ, જડે કોઈ ના ઉપાય,
તોયે ના હતાશ થતો, દીન ભલે થાય.

તારો હશે એ તો, તને ભેટવા સદાય,
ચાહશે સ્નેહથી તને, તું છોને ના ચાહ્ય.

* * *

### [૪૪] પોકારી પોકારી થાકું

પોકારી પોકારી થાકું તોય તમે સાંભળો ના,
તોય મારો બંધ કરું કદી ના પોકાર;
આંસુ ના લૂછો ભલેને આશ્વાસન આપો નહીં,
વહાવું અખંડ તોયે આંસુ કેરી ધાર. ...પોકારી પોકારી થાકું.

માળ ભલે કરમાયે રોજ રોજ તોયે ગૂંથી,
રોજ રોજ આશાભર્યો મંદિરને દ્વાર;
આવીને ઊભો રહું હું પ્રેમતણી માળા લઈ,
સ્વીકાર ના સદ્ય કરો લગાડો છો વાર. ...પોકારી પોકારી થાકું.

પ્રાર્થનાનો ઉત્તર મળે નહીં ભલેને મને,
આતુરતા અંતરની ભલે ના પોષાય;
આહ ને ઉજાગરાનો અંત ભલે આવે નહીં,
દર્દની દવા કરો ના કરો ના ઉપાય. ...પોકારી પોકારી થાકું.

પ્રાર્થતા રહેવું, થવું આતુર તમારે માટે,
આહ ને ઉજાગરાને સહેવા હંમેશ,
દર્દ તેમ દુઃખતણા પારાવારમાંહી મારે,
સ્મિત સાથે રમી રે'વું, સહી લેવા ક્લેશ. ...પોકારી પોકારી થાકું.

બોલાવશો ના છતાંય આવીશ તમારી પાસે,
સત્કારશો ના છતાંય કરીશ સત્કાર;
આરાધીશ આતુરતા હશે ના છતાં તમોને,
બોલશો ના તોય સદા ગાઈશ મલ્હાર. ...પોકારી પોકારી થાકું.

લાત મારશો છતાંય ચાહીશ એ ચરણોને,
તિરસ્કારશો છતાંય આવીશ હું પાસ;
ભૂલી જશો, ભૂલવા કહેશો, હું સ્મરીશ તોયે,
માળાને જપી રહીશ સદા શ્વાસોશ્વાસ. ...પોકારી પોકારી થાકું.

દિલ છે દીધું તમોને 'પાગલ'છે પ્રાણ થયો,
તમારા વિના કહોને એને ક્યાં આરામ ?

જીવન ને મૃત્યુમાં, અપૂર્ણતા ને પૂર્ણતામાં,
તમારા મહીં જ હશે મારો તો વિરામ....પોકારી પોકારી થાકું.

* * *

## [૪૫] નાવડી

જઈ રહી સાગરપાર મારી, પ્રસન્નતાથી ભરપૂર નાવડી;
ઉત્સાહનાં ગીત ભરી અમીભર્યાં, દોડી રહી, કલાંત બને નહીં ઘડી,
પ્રવાસ એનો પરિપૂર્ણ થાયે, ત્યારે જ તે શાંતિનું ગીત ગાયે.

મોજાં ભલેને બળવાન આવે, બલી બની માર્ગ થકી હઠાવે;
ઉત્તુંગ આવે ગિરિ ટેકરાયે, હતાશ થાયે નવ કો ઉપાયે.
મર્દાનગીની મહેફિલ માંડી, ધપ્યે જતી ભીતિ બધીય છાંડી.

શું જોમ ઊર્મિ મધુ હૈયું એનું, ના સાધનાના વિણ કામ કેનું;
પ્રકાશ ને આશ અનંત પ્રેરણા, બાંધી ઉરે ને દિનરાત વેણું.
વાગી રહી ધ્યેય તણી જ જેના, પ્રાણે, રડે અંતર કેમ તેનું ?

ડરે નહીં વાદળથી કદી તે, ના વીજળી કે વરસાદથી યે ;
કરા પડે તોય ન ભીતિ તેને, સુકાન ને સારથિ યોગ્ય સાચે.
મળી ગયાં, ઠેઠ જઈ કિનારે, મળી જશે તે રસગીત ન્યારે.

ભલો થઈ અંતર-બીન-તારે, ઊભો રહીને કવિ હે, કિનારે;
આશાતણું ગીત સદાય ગાજે, ગાઈશ ના તું ગમગીન વાણી,
ના હાનિ કોને કરતો હણાઈ.

* * *

## [૪૬] તલ

અરે ઘેલા જેવા અલિ,
કમળપત્રે શું કરતો,
કહી ને લેવા એ રસિક
અલિને મેં કર ધર્યો;

જરી દાબ્યો ત્યાં તો અરર,
ક્યમ ગાંડા સમ બનો,
કહી જાગી તન્વી;
ખબર નહિ ગાલે તલ હતો !

* * *

## [૪૭] ભાવના

જે દીનહીન છે બંધનમાં બંધાયેલાં,
તે સર્વ કાજ હો મારા અંતરમાં પીડા;
જે વ્યથિત પતિત અંધારામાં અથડાયેલાં,
જોતાં વેંત જ વાગી રહો મહારી વીણા.

જે આશ્રયહીન અપંગ, મૂક, દુ:ખને સહેતાં,
હો સાથ તેમની સ્થાન મારું, આ અવનીમાં;
જે દયા માગતાં આંસુ સારતાં તે સૌની,
હો હૃદય મહારા હૃદય સાથ ગાતાં ગીતા.

તે સર્વ કાજ હો સાધન મારાં સર્વ અહા,
તે માનવ માટે ઈશ્વરના અવતાર સમાં;
છો થઈ મહારી શક્તિ બધીયે જાવ ફના,
ગુરૂભાર સહેતાં દુ:ખનો એવા માનવના.

યુગયુગ મધ્યે અવતાર હજો મારો અહીંયાં,
એ પવિત્ર પ્રેમ લઈ વસતાં સૌની વચમાં;
જે પ્રકાશ માટે મથતાં મંગલને ચહતાં,
તે સર્વ કાજ મારે જીવવું સ્મિત સાચવતાં.

જે દીનહીન છે બંધનમાં બંધાયેલાં,
તે સર્વ કાજ હો મારા અંતરમાં પીડા;
જે વ્યથિત પતિત અંધારામાં અથડાયેલાં,
જોતાં વેંત જ વાગી રહો મહારી વીણા.

*   *   *

## [૪૮] ધૂન

અમે ગિરિગુફામહીં વિવિધ આસને રાજતાં,
પ્રસન્ન નિત પુષ્પ જેમ દિન રાતને ગાળતાં;
અમે હિમભર્યાં રહે શિખર ત્યાં રહી રાચતા,
નદી તટ પરે કદીક રસમસ્ત આનંદતા.

પડે કટુક કષ્ટ તો પણ અમે રસે રાચતા,
કદી તરસ ભૂખને પણ સહી દિનો કાપતા;
સૂતાં નવ કદી, કદી સતત અશ્રુ યે સારતા,
પળેપળ વિષાદમગ્ન જન કાજ સૌ પ્રાર્થતા.

ગુલાબ મધુર વાસ દે અગણ કંટકો કિન્તુ ત્યાં,
નદી મધુર આવતી કઠિન ભૂમિ હોવા છતાં;
અમેય ત્યમ આજ કષ્ટ સહતા રહી એકલા,
પરંતુ યુગને મનુષ્ય પરખી શકે કેમ હા !

લઈ પુનિત એક ધૂન ઉરમાં અમે રાચતા,
હજાર ઈશુ જન્મશે યદિ થશે અમારી ચિતા.

* * *

## [૪૯] શક્તિ દો

તજ્યાં ઘર, તજ્યા અમે મહલ ને વૈભવો,
તજ્યા ભવ સંબંધ, સ્નેહરસનાં બધા બંધનો;
લઈ હૃદયમાં અપાર બસ પ્રેમ તારા પ્રતિ,
અમે વનમહીં કર્યાં ઘર, કરી રણે મહેફિલો !

સહ્યાં સતત તાપ છાંય હસતા મુખે ને અહો,
લઈ હૃદય દાહ રાતદિન ના સૂતાયે અમો;
અપાર ઉર વેદના અમિત આંસુ વચ્ચે સદા,
અસંગ કરતા રહ્યા પ્રણય પ્રેમથી તાહરો !

નથી વિભવ કીર્તિ કે પરમ મુક્તિને ઈચ્છતા.
અપાર વિભવી પ્રતિષ્ઠિત વિમુક્ત સાચે અમે;
નથી વિષય વાસના, વર નથી અમે માગતા,
છતાં ચરણમાં પડેલ સહતા મહા વેદના.

પ્રભો અતુલ શક્તિ દો, પ્રકટ હો અમારી મહીં,
થઈ ભસમ જાય દુઃખ દુનિયા તણાં, વેદના.

* * *

## [૫૦] ફનાવૃતિ

દુઃખી છે આજે આ જગત, કરુણાકાજ રડતાં
કરોડો છે લોકો, જડજન થકી ઘોર સહતાં,
દુઃખે એવા લોકો અગણિત અહીં, ભ્રાન્તિ પથમાં,
ભમે લાખો, લાખો મરણ દુઃખ રોગે લથડતાં.

હશે એવો કોઈ મનુજ નિરખીને દુઃખદ આ
અવસ્થા, ના જેના હૃદય-તલથી આંસુ સરતાં ?
તૂટે જેની છાતી નહિ, વન ઉઠે પ્રેમ કરુણા,
હશે એવો કોઈ જડહૃદય આ સૃષ્ટિ તળમાં ?

તજીને ભોગો ને ભવન વનમાં બુદ્ધ નીકળ્યા,
હજારો ને બીજા સરલ કરવા માર્ગ ઉપડ્યા !
છતાં તેની ધારી અસર ન થઈ આજ જગમાં,
કરી ક્રાન્તિ દેવા પ્રણયરસ ભીના અમ ઊભા !

મહા કાર્યો માગે સમય પણ મોટો પ્રકટવા,
થતા તેને માટે પ્રતિ દિવસ છોને અમ ફના.

*   *   *

## [૫૧] ભિક્ષા

પ્રભો આપો ભિક્ષા; બહુ દિવસથી મૂક બનતાં,
ઊભો દ્વારે પ્રેમે ઉર પ્રણયતંત્રી બજવતાં;
તમારાં ગીતોથી રસિક બનતાં, વ્યાકુળ થતાં,
હવે તો પોકારી રહું છું; દુઃખકારી ખલુ દશા.

પ્રભો આપો ભિક્ષા; હૃદય કરતાં પાત્ર કરમાં,
ઊભો દ્વારે પ્રેમે નયન દ્વય ઠારી ચરણમાં;
મૂકી વીણા હેઠે, સ્વર પણ મૂક્યા શૂન્ય બનતા,
સૂતો દ્વારે પ્રાર્થી રહું છું પ્રભુજી ગદ્ગદ્ થતાં.

પ્રભો આપો ભિક્ષા; નવ વિભવ કે કીર્તિ ધનની,
ઊઠી મારે ચિત્તે કદીક પણ આશા ક્ષણિક શી;
નથી સત્તા માગી, અતુલ મહિમા, શક્તિ વિભુની,
નથી મારે આજે જગમહીં મહત્તા ય ખપની !

પ્રભો આપો ભિક્ષા; હૃદયપટને શુદ્ધ કરતાં,
વસો તેમાં, ચીંધો પથ પૃથિવીના દીપ બનતાં !

* * *

## [૫૨] સંવેદના

તહારી આ માતા દુઃખકર દશા, આંસુ છૂટતાં,
મહારી આંખોમાં, દુઃખકર દશાને નિરખતાં;
ગરીબી આ રોગી જન દુઃખ અને ભૂખ સહતાં,
અકાળે મૃત્યુના તટ પર ઊભા લાખ મનુજો.

અહા ! જે સૃષ્ટિનો શિરમુકુટ, શોભા જગતની,
મહારી તે માતા મલિન દુઃખથી વિહ્વલ બની;
કુણાં ! અંગો એનાં ફૂલ સમ પરાધીન કરતાં,
હણ્યાં પાપી લોકે નવ દયા કૈં પણ કરી !

મહારી ઓ માતા, તુજ ચરણમાં ફૂલ સરખો,
પડ્યો આજે આવી અભિનવ લઈ આશ હું અહો;
મહારાં અંગોમાં પ્રણય ભર ને શક્તિ ભરતાં,
જગાવી દે તારી લગન, મુજને ભાગ્ય ધર આ.

ગરીબી ને તારાં અગણિત સમાં બંધન બધાં,
તૂટે મારે હાથે, જગત શિર-શોભા મુકુટ થા.

* * *

## [૫૩] નવ જગ રચો

હતાં અંધારેલાં ભવન સઘળાં ખંડ સઘળા,
ઠરેલાં ઠંડીથી મનુજ સઘળાંયે થથરતાં;
હવા ભીની છૂટી ગગનપટથી સૃષ્ટિભરમાં
છવાતી તોડીને હૃદયપટ એવી સખત શી !

ઘણાંની આંખેથી દુઃખદ સહસા આંસુ સરતાં,
વહેતાં કોઈના રુદન ઉરનાં આર્તસ્વરમાં;
હમેશાં અંધારા ભવનમહીં રે'તા જડસમાં
બન્યાં કોઈ લોકો શુભ-અશુભનો ભેદ વિસર્યાં.

ઉગ્યો ત્યાં તો પ્રાચી હૃદયમણિ જેવો રવિ અને
બધાયે ભેદાયા તિમિરથર, ઠંડા પવન સૌ;
થયા ઉષ્માવાળા, મનુજ સુખનો શ્વાસ ભરતાં
ઊઠ્યાં સૃષ્ટિશોભા સમ સૂરજને અર્ઘ્ય ધરતાં.

પ્રભો ! આજે પાછી દુઃખકર થઈ છે ખલુ દશા,
તમારા પ્રાકટ્યે નવ-જગ રચો સૂર્ય બનતાં !

* * *

## [૫૪] હતી તારી ઈચ્છા

વહેતા'તા તારા હૃદયપટપે સ્રોત મધુરા
દયાના, દેખીને તુજ હૃદયતારો રણકતા,
દુઃખીને અજ્ઞાની વિષયરત એવા મનુજને;
રડેલા પ્રાર્થેલો બહુ મનુજ માટે જગતમાં.

કપાયે કષ્ટો આ જગત પરથી ને જન બધાં
બને પ્રેમી, પામે અતુલ સુખ ને શાંતિ ભજતાં,
સદાયે આત્માને પ્રતિ ડગ ભરી સત્યપથમાં;
હતી ઈચ્છા તારે જગત પર તેથી પ્રકટવા.

હઠાવી દે તો આ હૃદયપટના સર્વ પડદા
અને તેમાં દૈવી ઝરણ બનતાં ઝંકૃત થતાં,
વહે લાખો રૂપે પ્રણય બનતાં શાંતિ-સ્વરમાં
દયા ને ભક્તિના વિમલરૂપમાં જ્ઞાન બનતાં;

હવે એ આવ્યો છે સમય જડ ને આર્ત જગમાં,
હતી ઈચ્છા તારી જગત પર પાછા પ્રકટવા !

* * *

## [૫૫] પ્રેમના પૂજારી

ફકત અમે પ્રેમના પૂજારી, અમે પ્રેમના પૂજારી.

પ્રેમની જ દુનિયામાં રમતા અમે થયા.
આંખડી જ્યારથી ઉઘાડી ... અમે.

પ્રેમભરી માતાએ પ્રેમભીના હાથથી
ગળથૂથી પ્રેમની પાઈ ... અમે.

પ્રેમની જ વાત અમે એકાકી જાણીએ,
પ્રેમ જ આલાપીએ, પ્રેમ જ પરમાણિયે,
મદિરા છે પ્રેમની પાઈ ... અમે.

પ્રેમનાં જ આંસુ ગણી ફૂલડાં ચઢાવીએ,
શીશ સદા પ્રેમદેવ-ચરણોમાં ઢાળિયે;
મસ્ત અમે 'પાગલ' પૂજારી ... અમે.



શાંતિ આનંદની અમારી પ્રસાદી,
એકરૂપ બનવું એ મિલકત અમારી,
ધન્યતાની વાત ક્યાં ગાવી .... અમે.

પૃથ્વી ને સૂર્ય ચંદ્ર ફરતાં આ થાકશે,
સાગર ને સંત કરી મર્યાદા ત્યાગશે;
પૂજા થશે નહીં ઠાલી ... અમે.

* * *

## [પ૬] તારી આંખ

તારી આંખ, મારી આંખ સાથે આ જડાઈ જાય,
વરસે તે મહીંથી પુનિત કરતી પ્રેમની રસધાર,
મુજને શી પછી પરવા, હૃદયમાં પ્રેમ જાગી જાય,
તારી આંખ મારી આંખ સાથે આ જડાઈ જાય.

ડરાવી ના શકે મુજને પછીથી જગતની કો' વાત,
સમય કે કાળનાં બંધન અડે ના, ના રહે કો' પાપ,
તારી રૂપગંગાની લહર જો એક જ મળી જાય.
તારી આંખ મારી આંખ સાથે આ જડાઈ જાય.

ન રહે દુઃખ, શોક પછી હૃદયની ના રહે કો' હાય,
સદાને કાજ શાંતિ હમેંશ મુક્તિ, વહે રસતણી ધાર;
તારા પ્રેમનો જો એક પણ છાંટો જ ઊડી જાય !
તારી આંખ મારી આંખ સાથે આ જડાઈ જાય.

મારા હૃદયના દલદલ પરે તારી સવારી થાય,
જગાવે એક તારો સ્વર સજાવી સર્વ તેના તાર,
મારો પ્રાણનો રસિયો કલાપી મસ્ત માંડે નાચ,
તારી આંખ મારી આંખ સાથે આ જડાઈ જાય.

મારી જિંદગી તો આજ દર્શન સાથ થાય સમાપ્ત,
મદિરા પી તહારી થાય મારો પ્રાણ પૂર્ણ રસાલ,
અનુભવ્યું તે જ શાશ્વત શબ્દમાં સાનંદ સાચે ગાય
તારી આંખ મારી આંખ સાથે આ જડાઈ જાય.

* * *

## [૫૭] સૃષ્ટિ સકળમાં રાજો

જ્યારે સૃષ્ટિ સકળમાં રાજો,
નયન અમારાં કેમ ન નિરખે, વ્યાપક વિશ્વ વિરાજો !

તારામાં, વાદળમાં, કુસુમે દિગદિગંતમાં રાજો
પ્રેમીજનને તો પણ શાને વ્યર્થ સદા તલસાવો ?

અંધારા પડદા અંતરના, કૃપા કરી ના કાપો,
ત્યાં લગ કેમ તમારું દર્શન, કેમ કરી નિરખાઓ !

વાદળ પાછળ ચંદ્ર છુપાયો, કેમ કરી નિરખાયે ?
અહંકાર ને મમતાના પટ, દર્શન કેમ જ થાયે ?

તમારી કૃપા વિના લેશ ના, ઝાંખી તમારી થાયે;
પ્રેમ કરીને જે જાણ્યું તે, પ્રેમે આજ ગવાયે.



* * *

## [૫૮] પાડ

તારે માટે કેટલો છે પ્રેમ મારા અંતરમાં
કાવ્યમાં આપી શકું શે એહનો ચિતાર;
ચિત્રકાર છું નહીં, નહીં તો એક ચિત્ર દોરી
પ્રેમના પીયૂષે કર્યો હોત રંગરાગ !

કોઈ એવી યાદ મને ઉપમાયે આવતી ના
જેમાં વ્યક્ત હોઈ શકે પ્રેમે કેરો ભાવ;
શબ્દ ને વિચારથી અતીત પ્રેમતત્વ સાચે,
અંતરમાં ઉંડે ઉંડે કરી રહું જાણ.

એમ થાય કે તને જો હૈયું ખોલીને બતાવું
તારું એક રૂપ એમાં દેખાયે મહાન
કિન્તુ મારા અંગઅંગમાંયે તારી પ્રેમવીણા
બાજી રહી એ જ એક છોડીને આલાપ !

રૂંવે રૂંવે નાદ તારો, દ્દગમાં આલાપ તારો,
મારી સરિતાનો તારા સિંધુમાં મિલાપ;
અલગ શકે કરી ના આપણને કોઈ કદી,
તાણાવાણા જેમ મળ્યા આપણા છે પ્રાણ.

કાંઈ નહીં, આટલું કહી શકું કે સૂના મારા
અંતરમાં એક તારી મીઠડી છે છાંય;
પ્રેમ કરી મારી સાથે મોટો ઉપકાર કર્યો,
ભૂલી શકું કેમે કરી નહીં તારો પાડ !

* * *

## [૫૯] પ્રભુને

પ્રેમ કરી પ્રભુજી, મારે દ્વારે આવોજી,

મન મંદિરમાં મૂર્તિ તમારી જોઉં હમેશાં ધારીધારી;
પ્રકટ બની જલદી, મારે દ્વારે આવો જી.....પ્રેમ કરી પ્રભુજી

ઘડીઘડી વીતે છે મારી માળા તમ નામની ચલાવી;
ધમકે છે ધમની, મારે દ્વારે આવો જી ....પ્રેમ કરી પ્રભુજી

આવો પ્રભુ, આલિંગન આપોઃ તનમનના સૌ બંધન કાપો,
પ્રેમધારમાં સ્નાન કરાઓઃ ગાઈ ગાઈ સાથે નાચો;
મારી તો આ લગની, મારે દ્વારે આવો જી ! ....પ્રેમ કરી પ્રભુજી

બદલામાં ના માગું કાંઈ, ફક્ત પ્રેમનો હું તો ભિખારી,
મધુર દૃષ્ટિ જો પામું તમારીઃ થાય મહારે મહા ઉજાણી;
મત્ત બનું રસથી, મારે દ્વારે આવો જી ! ....પ્રેમ કરી પ્રભુજી

ધૂલિ તમારા પદની પામી, અંગે અંગે રહું લગાવી,
આ જ આશ અમથી, મારે દ્વારે આવો જી. ....પ્રેમ કરી પ્રભુજી

'પાગલ' થયો તમારા જેવો, ફેર રહ્યો છે નહીં જ એવો,
તેથી તો પ્રભુજી, મારે દ્વારે આવો જી. ....પ્રેમ કરી પ્રભુજી

* * *

## [૬૦] આકાંક્ષા

અવિચળ આનંદે જીવન મારું પૂર્ણ કરીશ સદાય,
પરમાનંદ મહીં જીવન મારું પૂર્ણ કરીશ સદાય;

જે હોય છેક ગંભીર તે ભલે માણે ના ઉલ્લાસ,
ઉલ્લાસ મહીં જીવન વહશે બની પરમ ઉલ્લાસ.

વદને તાળાં જેના તે ના હસે, ગાય ના ગાન,
સ્મિત નર્તન ને કીર્તન કરતાં હું તો થઉં ગુલતાન.

જે અકાળ વૃદ્ધ બન્યા તે મૃત્યુ પથારી માંડે આજ,
ચિર યૌવન મારે કાજ- હું તો શિશુના સરખો હરકાલ.

છે વિષની નહીં કટોરી જીવન, અમૃતનો છે જામ,
અધરે હર રોજ લગાવી એને થઈ રહું કૃતકામ.

આ અભિશાપ નથી અવની, અનંત અમૃતનો અવતાર,
ગાંભીર્ય મૃત્યુ કે મૌન મહીં પણ પરમ રહ્યો આસ્વાદ.

આ જીવન મંગળ મધુર મહોત્સવ, પૂર્ણતા તણું જ પાન,
હર સ્થિતિમાં ગાવું ધન્યતાતણું ગૌરવ ભીનું ગાન.

* * *


## [૬૧] મનને

મન, તમે પ્રેમ કરી જાણો ના,

પ્રેમને લઈ દઈ જાણો ના,
મન, તમે પ્રેમ કરી જાણો ના,
જાણત તો તમે સંસારમાં આ,
હોત મોહ્યા કદી ના ... મન, તમે.

જે અલિ પદ્મરસે રત તે ના,
જાય કદી ફૂલ કૃત્રિમ તેમાં;
નીરનું મત્સ્ય રહે તટપે ના;
તો તો તમે રસ હોત બન્યા આ. ... મન, તમે.

દર્દ ને દુ:ખ અશાંતિના સ્વામી,
મૃત્યુની સ્વારીએ હોત વિરાજ્યા,
સંતશિરે લઈ સ્થાન સદાયે,
ઈશ્વર-પ્રેમી હોત ગણાયા ... મન, તમે.



* * *

## [૬૨] પ્રભુ

પ્રભુ તારી પાસેમાં પાસે વિરાજે
ઘટઘટમાં એ તો રાસ રમે છે, મન મંદિરમાં રાજે ... પ્રભુ

ઘરને છોડે તું છોડે કુટુમ્બી, વનમાં વિહરે ને વિરાજે,
પાસે જે પ્રેમ કરે છે તેને, પેખીને પ્રેમે ન દાઝે ....પ્રભુ

વેશ ને નામનો પલટો કરે તું, ત્યાગી બને એને કાજે,
દૂર નથી એ છે પ્રાણની પાસે, જો તું વિચારે તો લાજે ....પ્રભુ

કોઈયે ઠામના ઠાલું એના વિના, જડને ચેતનમાં વિરાજે,
સુમધુર સંગીત બનતાં રમે છે, સાચે સંસારના સાજે ....પ્રભુ

ક્યાં તું શોધી રહ્યો એને કહેને, શોધવું ઉરમાં જ છાજે,
વૃક્ષ ને વેલમાં, પાણી ને પર્વત, જો એ ગગનમાં ગાજે ....પ્રભુ

તન મન અંતર આંખમાં એની, વાંસલડી મધુ વાજે,
મળ તું ત્યાં એને પ્રેમ દયા ને, સેવાના ભાવ જ્યાં રાજે ....પ્રભુ

ભક્તિના ભાવમાં રમજે સદા તું, મમતા અહંકાર ખાજે,
મંગલ પ્રેમનો પ્યાલો અમીનો, પી પી ને અન્યને પાજે ....પ્રભુ

સુંદરતામાં શ્વાસ લે છે ને, સત્યમાં એ તો વિરાજે,
'પાગલ' પામી લે ત્યાં એને, જગમંદિરમાં રાજે ....પ્રભુ

* * *

## [૬૩] ચિંતન

તમારા વિણ હર્ષ ક્યાંથી શાંતિ ને સુખ ક્યાં ?
ઉડે છે ઉલ્લાસ ત્યાંથી તમે ન રહો જ્યાં,
રસ કસ ખરે દૂર થાય, જાય ચેતનતા,
તમારા વિણ ઘોર તમમાં માનવી મરતા.

તમારી રસધારથી સંસાર સુખ પામે,
ઘોર ચિન્તા યાતના ને ક્લેશ સૌ શામે,
તમારી સંજીવનીથી સૃષ્ટિ આ ચાલે,
જિન્દગીનાં ફૂલ ફોરમ મેળવે ફાલે.

તમારા પ્રેમે જ જગ આ છે ટકેલ ખરે,
તમારા સૌંદર્યમાં એ સદા શ્વાસ ભરે,
સત્ય તેમ તેજ પામી તમારું વિલસે,
તમારાથી ટકે તમને રાતદિન તલસે.

મોહિની ને મધુરિમાથી મુગ્ધ જેમ બની,
યુગોની કુદરત કરે છે ખેલકૂદ ઘણી,
કરે પૂજા નદી પર્વત આભ ને ધરતી,
ગાય તમને સિંધુ કરતા ઓટ ને ભરતી.

તજી તમને કોણ પામે શાંતિ ને આરામ ?
કોટિ કલ્પે તજી તમને કો લભે સુખધામ ?
તમારો સંબંધ સાધે થાય તે કૃતકામ,
ભય વ્યથા બંધન તજીને થાય આત્મારામ.

ભજે ભાવુક તમોને આશ્ચર્ય એમાં શું ?
ભજો ભાવ થકી તમે એ કરું અરજી હું !
ભલે ના નિર્દોષ તોયે તમારો શિશુ છું !
અજ્ઞ તોય તમારા પય કાજ આતુર હું !

* * *

## [૬૪] મૂરખ મન

કાયાની માયાને છોડ, મૂરખ મન, કાયાની માયાને છોડ.
પ્રીતિ પ્રભુથી જોડ, મૂરખ મન, કાયાની માયાને છોડ

આ રે કાયામાં એવું તે શું છે, એની પાછળ દોડ
ચાર દિવસની ચાંદરણી આ, મમતા એની તોડ. ...મૂરખ મન.

આનંદ આવે છે કાયામાં તુજને, તેનો પાડી લે ફોડ,
નેહની નજરે લેને નિહાળી, રમતો તેમાં રણછોડ ... મૂરખ મન

રૂપ નથી એનું સાચે સનાતન; છોડી દે સઘળાં કોડ,
કંચન કાયા નથી અમર એવી, સૂશે સ્મશાનની સોડ ... મૂરખ મન

હાડ ને માંસ ને માટીની કાયા, કોટિ છે એમાં ખોડ,
ગંદકીનું છે ઘર એ ભારે, ત્રિભુવનમાં ના જોડ ...મૂરખ મન

'પાગલ' એ મહીં જોને પ્રભુને, તાળાં બધાંયે તોડ,
કર્મ કરી લે સારાં, કિરતાર કાજે, મૂકી દેને એની હોડ ... મૂરખ મન

* * *

## [૬૫] યાદ

જેણે આપ્યું દાન-કાયાનું દાન,
જેણે મને આપ્યું પ્રેમ કરી જ્ઞાન,
અંધારેલાં આતમમંદિર દ્વાર,
જેણે બની ખોલ્યાં પ્રેમળ પ્રકાશ !
કદી તેને ભૂલી શકું ક્ષણવાર ? પળે પળે પ્રેમે કરી રહું યાદ !

વિપત્તિને સંકટ આવ્યાં અપાર,
તેણે આવી ત્યારે લંબાવ્યો હાથ,
જ્યારે જ્યારે ચાલી શક્યા નહિ પાય,
દોર્યો મને, ઊચકીયે લીધો વાટ !
કદી તેને ભૂલી શકું ક્ષણવાર ? પળે પળે પ્રેમે કરી રહું યાદ !



સૂઈ જેની ગોદમાં સાંજ સવાર,
ગૂંથીગૂંથી પ્હેરેલી સ્વપ્નની માળ,
જેણે દુઃખ તાપમાં ને અસહાય-
હતો ત્યારે ઢાળી અંગે અંગે છાંય !
કદી તેને ભૂલી શકું ક્ષણવાર ? પળે પળે પ્રેમે કરી રહું યાદ !

જેનાં નયનોથી ભરી ભરી જામ,
કર્યો ફૂલવંતો મેં : જીવનબાગ,
આંસુને રેલી જેની ગોદમાં લાખ,
નિરાશા, જાગ્યો લઈ આશ ને હાસ,
કદી તેને ભૂલી શકું ક્ષણવાર ? પળે પળે પ્રેમે કરી રહું યાદ !

તેની રસથી ભર મંગલ યાદ,
લપેટીને રાખીશ અંતર માંહ્ય,
તેના પ્રેમમાંથી ભરી ભરી જામ,
રહીશ હું જીવી સમ્રાટ સમાન !
અનંત યુગો લગ સાચેસાચે હું તેનો ન છોડીશ પ્રેમનો સ્વાદ !
કદી તેને ભૂલી શકું ક્ષણવાર ? પળે પળે પ્રેમે કરી રહુ યાદ !

* * *

## [૬૬] વંદન

વંદન ચરણમાં મનુજ તારે !
ફૂલ ધરી રહું આજે ભાવે ! ... વંદન

દલિત પતિત દુઃખિયાંને કાજે
જેણે સ્વાર્થ તજ્યો ઉલ્લાસે;
જેની રગ રગ કંપિત થાયે
પ્રેમ દયાના એકલ રાગે.
તે ઈશ્વરને ચરણે આજે ... વંદન

શુદ્ધ થઈને અંતર સાથે
જે બીજાની ભ્રાન્તિ ટાળે;
અંધારેલા પથ પર આવી
દીપ બનીને જે પરકાશે.
મહિમા કેમ કરી કહું ગાને ?... વંદન



* * *

## [૬૭] હે પ્રભુ

હે પ્રભુ, તારી વાગે સાંજ સવાર સિતારી ! હે પ્રભુ, તારી !

ઉદયાચલથી કોઈ ગાતી દેવી જાણે સ્વર લલકારી,
અસ્તાચલથી સંધ્યા ગાતી કેવી તારી મુગ્ધ સિતારી !

પ્રેમતણી ધારા આ ચાલી કે કરુણા છે પ્રકટી સારી;
સુંદરતા મોહકતાની બે સરિતા જેવી મંજુ સિતારી !

પળ પળ બાજે, ઘટ ઘટ ગાજે, તારી મોહક મંજુ સિતારી;
કણ કણ એના વિણ ના ખાલી, જગ જાણે છે મૂર્ત સિતારી !

જનમ-મરણની, ઉદય-અસ્તની, તાપ-છાંયની, હે પ્રભુ તારી;
કાયમ તેની પાર રહીને સુણનારાને આનંદ ભારી !



* * *

## [૬૮] સાધન

સાધો, હું તો પ્રેમપૂજારી !

કૃષ્ણ હનુમાન બધાની વાત ક્યારની છાંડી,
ઘટઘટમાંહી સુણી લીધી છે જે ક્ષણથી જ સિતારી !

ઘટ ઘટ રાજે પ્રિયતમ મારે, રહ્યો બધેય છવાઈ,
ક્ષણ ક્ષણ મળે સુહાગ રાતની મોજ, રહ્યો રસ ભારી !

સંધ્યા પૂજા ધ્યાન સાધના દીધી સઘળી છાંડી,
નથી જરીયે ફુરસદ પ્યારે પાઈ દીધી પ્યાલી !

પ્રેમતણી મદિરા પી પીને પ્રાણ બન્યો બડભાગી,
જ્યાં પડશે આ દેહ હશે ત્યાં મક્કા મદિના કાશી.



* * *

## [૬૯] ભજનનો મહિમા

તું ભજન કરી લે, ભવસાગરનો એ વિના ઉપાય નથી,
તું ભજન કરી લે, ભવસાગરનો એ વિના કંઈ તાગ નથી !

જે, ભજ્યા તે તર્યા, ભવસાગરથી પાર થયા આનંદથકી,
દુ:ખમાં શાને સપડાયે, તારે હૈયે લેને નામ લઈ ... તું ભજન કરી લે

કરને નારદને, શબરીને, ગોપીને યાદ જરી મનથી,
મીરાં ને નરસી, ધ્રુવ, પ્રહ્લાદ તર્યાં પ્રભુનો આધાર લઈ ... તું ભજન કરી લે

છે ભજન એક ઔષધ, માયાના રોગ જાય સઘળાય મટી;
છે ભજનરસ ખરે ભવસાગરના આધિવ્યાધિ સૌ જાય ટળી .... તું ભજન કરી લે

વધુ વચને શે સમજાવું તને છે ભજન વિના ઉદ્ધાર નહીં,
છે ભજન થકી જ ભર્યા ભંડાર કદીયે ખાલી થાય નહીં ! ... તું ભજન કરી લે

* * *

## [૭૦] દાસી

હું તો જુગોજુગની તમારી દાસી !

તમારો છે નેહ લાગ્યો, તમારા વિના મને,
ખાવી ગમે પહેલાં ફાંસી ....હું તો

તમે એક મારા સાથી, તમારી જ સાથે બાંધ્યા,
મીંઢળ મેં તો પ્રેમ બાંધી,
તમારો છે પ્રાણ વ્હાલા, તમારી સંગિની હું તો,
પ્રેમનગરની વાસી....હું તો

ભવના સાગરમાં ભૂલી પડેલી તમોને પામી,
ધન્યતા રહી છે ન બાકી;
સાચે વ્હાલા, મેં તો તનમન ને અંતરની,
આ માળા તમોને ચઢાવી !....હું તો

પોકારું પ્રેમ થકી, તમારી જ મૂર્તિ તમને,
બતાવું હૈયું ઉઘાડી;
અંતર્યામી તમે તો સમજી લો સાનમાં રે,
જુગોજુગની તમારી દાસી. ...હું તો

* * *

## [૭૧] ચિત્ત

કેવી વ્યભિચારીણી સ્ત્રી !

સુંદર પ્રેમલ ઘરની શોભા જેવી જો કે સ્ત્રી,
પ્રિયતમમાં પણ પોતાના ગોઠે ના એનો જી ! ....કેવી

કામ કરે ઘરમાં પણ એના દિલનો તાગ નહીં,
આઠે પહોર ઉદાસ જેવી, ઘરમાં ચેન નહીં ! ....કેવી

હરણ ચિત્ત છે કરેલું ચોરે તેને વિસરે નહીં,
રાતદિવસ એની નયને ને હૃદયે રહે છબી ! ....કેવી

ચિત્ત કેવું છે એનું, એને સ્હેજ સમાધિ થતી,
સ્નેહછલેલ સમજજો પ્રભુજી, એવું મારું ચિત્ત ! ....કેવી



* * *

## [૭૨] સદ્‌ગુરૂની ઈચ્છા

એવા સદ્‌ગુરૂ શરણે જાવું મારે પ્રેમથી રે.
જેણે પ્રાપ્ત કર્યું નિર્વાણ.
તોયે દયા કરીને જીવે જગહિત નેમથી રે.
એવા દયાતણા ભંડાર, .... એવા સદ્‌ગુરૂ શરણે

એનાં ચરણો ધોવાં મારે આંસુધારથી રે.
એની માત્ર દૃષ્ટિ પડતાં જ,
શાંતિ તણી વરસે રસધાર,
એમાં ન્હાઈ મારે મુક્ત થઈ જવું દેહથી રે. .... એવા સદ્‌ગુરૂ શરણે

દિવસો જાયે, રાતો જાયે, જાયે સાંજ સવાર;
મનમાં છે ના ચેન મ્હારે, ઊંડી ઊંડી પ્યાસ.
પામી આવો માનવ દેહ,
દેવો દિવ્ય બનાવી મારે એને સ્હેલથી રે.
તે તો સદ્‌ગુરૂ મળતાં થાય. ...એવા સદ્‌ગુરૂ શરણે

અંતર રડતાં વારંવાર,
પ્રાર્થના કરે દિવસ રાત
પ્રભુજી મિલવો એવા સિદ્ધ દિવ્ય ગુરૂદેવથી રે.

* * *

## [૭૩] સદ્‌ગુરૂને

આવો આવો સદ્‌ગુરૂ દ્વારે મારે પ્રેમથી રે.
હવે તો ઘડીય ના રહેવાય,
તમારે કાજે કૈં કૈં થાય,
દયા કરવાને આવો આવો સદ્‌ગુરૂ પ્રેમથી રે.

નથી જરી સંસારી ઈચ્છા,
ધનવૈભવની નથી પ્રતીક્ષા;
કરવા કેવલ શાંતિ દાન,
જ્યાં હો ત્યાંથી, આવો આવો સદ્‌ગુરૂ પ્રેમથી રે.

જનમ આમ આ વીતી જાતો,
કાળ બધોયે આ વીલાતો,
કરવું મારે તો કલ્યાણ,
અભિલાષાને કરવા પૂરણ આવો સદ્‌ગુરૂ પ્રેમથી રે.

ઈશ્વર છો, અંતર્યામી છો;
પ્રાણ મહારો શાને પીડો;
પ્રેમે પ્રાર્થું વારંવાર,
આવો હૃદયે ચાંપો, દાહ શમે આ સ્હેલથી રે.
આવો આવો સદ્‌ગુરૂ દ્વારે મારે પ્રમથી રે !

* * *

## [૭૪] આમંત્રણ

આવી જા, આ પ્યાલી લે.
તું પણ પી લે, મસ્તીથી ભરી પ્રેમમદિરા આ પી લે !
શાંતિ ભરી આનંદછલી છે, પ્યાલી પર પ્યાલી પી લે,
વાચા વિરમે ભાન ભુલાયે, ત્યાં લગ પીધા કર-પી લે; ....આવી જા.

દુનિયાથી કંટાળી હારી, થયો નિરાશ તું ભાઈ રે,
ચારે પાસે ધૂપ તાપમાં, છાંય હશે ના કાંઈ રે,
આવ ચઢાવી નશો તું યે લે, આશા નિરાશા મિટાવી દે,
ધૂપતાપ ને છાંય સર્વની પાર પહોંચી ભાઈ લે ....આવી જા.

જો આ સુંદર સાકીબાલા, વસંતથી ય રૂપાળી તે,
મદિરા એના અંગઅંગમાં, ઝરતી મંજુલ મુગ્ધ સ્વરે,
બોલાવે છે આંખ-ઈશારે, અંગ અંગ આમંત્રે છે,
લઈ લે હવે પ્રેમપિયાલી, મજા શું એની આવે છે ! ....આવી જા.

લૂંટાયે તે લૂંટ, ભરીને, પ્યાલી પર પ્યાલી પી લે,
નશો કરી લે નશાબાજની, દુનિયા આ સારી દીસે,
અમૂલ્ય અવસર આવો, સુંદરતા પોતે પ્રેમે પીરસે,
ચાખી લે રસ, કોનું અંતર, મુગ્ધા જોઈ ના તલસે ! ....આવી જા.

પુસ્તક તારાં ફેંક બાજુએ, તર્કવિતર્ક શમાવી દે,
મનના ભ્રમને દૂર કરી દે, વિચાર સર્વ મિટાવી દે !
વિચારની દુનિયામાં ભટકી, રસ તેં અનુપમ ખોયો છે,
આંખ કરીને બંધ પીવાનો, રસ તેં આ ના જોયો છે ! ....આવી જા.

મજા ઓર છે આની, આને યોગ્ય ધ્યાન કૈં ના પ્હોંચે,
જ્ઞાન અને વિજ્ઞાનમાં રમે, રસ આવો તોયે ખોળે,
શુક સનકાદિ થયા છે પાગલ, કોઈ પાર નહીં પામે,
આવી જા ઓ પ્રેમી ! ન્હાઈ લે આની ધારે ધારે ! ....આવી જા.

ભૂલાશે જગ, જગ ભૂલવાની, હામ હોય તો તે આવે,
પાગલ બનવા પ્રેમ હોય તે, પાગલખાનામાં આવે,

અરે મજા આને પીવાની, જીવનનો આ સાર ખરે,
જે ચુકશે તે ખોશે અવસર, પીશે તે કૃતકૃત્ય થશે ! ...આવી જા.

* * *

## [૭૫] નાચ નચાવો

નાચ નચાવો જી, મને નાચ નચાવો જી !
નામ સુણીને મધુર તમારૂં ભાન બધું યે જાય મહારૂં,
આનંદમહીં ન્હાતાં મુજને નાચ નચાવો જી ! ....નાચ

ઈન્દ્રિય સર્વ તમારી દાસી, પ્રાણ તમારી છે પટરાણી;
નામ સુણીને તમ પર પ્રેમે વારી જાઓ જી ! ....નાચ

જોતાંવેંત જ મુખડું ચારુ રૂપમાધુરીથી મલકાઉં,
મદિરા મસ્ત સમો વીંટીને હસ્ત કંઠમાં હું હરખાઉં !
ભાન બધુંય ભુલાવી મુજને નાચ નચાવોજી !....નાચ

લેતાં નામ તમારૂં પ્યારૂં હૃદયમહીંથી ઉછળી ચાલું,
પ્રેમરસમહીં મસ્ત થઈને પાગલ જેવો મુગ્ધ હું નાચું;
આજ લ્હાવ લેવા દો મુજને નાચ નચાવોજી !....નાચ

ઈચ્છા નથી કશીયે મારી, માગું ધનવૈભવ ના કાંઈ;
ધન્ય કરી દો પ્રેમતણો આ જામ તમારે હાથે પાઈ,
નાચું ત્યારે મારી સાથે તમેય નાચો જી ! ....નાચ

* * *

## [૭૬] બાહુમાં બળ દે

બાહુમાં બળ દે, અમારા બાહુમાં બળ દે!

ઝઝૂમવા જીવનના જંગે વિવેકનું ધન દે;
પ્રકાશ રેલી હૃદય તિમિરના હરી બધા થર લે ... અમારા બાહુમાં બળ દે !

પવિત્ર મનમાં વિચાર પ્રગટે એવી આશિષ દે;
મંગલ ભાવે અંતર ઉભરે, થાય સદાયે જે ... અમારા બાહુમાં બળ દે !

દિવ્ય દ્રષ્ટિ પ્રગટાવી નયને ભલે હંમેશા રે;
અંગે અંગ પ્રસન્ન કરી લે ભરતાં ચેતનને ... અમારા બાહુમાં બળ દે !

પરોપકારે પ્રીત ભલે હો, સેવાનું સુખ દે;
ન્યાય પંથ પર પગલાં ભરીએ છોડી અનૃતને ... અમારા બાહુમાં બળ દે !

દીર્ઘ, અલ્પ કે અમર જીવનમાં સાથ સનાતન દે;
મૂલ્યવાન મંગલ સઘળું હો જે હો જીવન તે ... અમારા બાહુમાં બળ દે !

માનવતાના માળી બનીયે પૂજતા રોજ તને;
કોઈની પણ ઉન્નતિ સાધે એવું જીવન દે ... અમારા બાહુમાં બળ દે !

* * *

## [૭૭] તમારે માટે

તમારે માટે યુગોથી કોણ જાણે કેમ,
આટઆટલો વહે છે મારે હૈયે પ્રેમ,
તર્ક શકે સમજી ના, બુદ્ધિ પંગુ જેમ,
ઉકેલી શકે તમારા રહસ્યને કેમ ?

મારે માટે ઊગી ગયું દિવાળી-પ્રભાત,
અંધારું ટળી ગયું ને ધન્ય થઈ જાત,
જ્યારથી તમારો મને થયો છે મેળાપ,
ચિંતાની ચિતા થઈ છે, ટળી ગયા તાપ.

તમારી જ આજુબાજુ મનડું ભમે,
તમારાં જ ચરણોમાં રંગમાં રમે,
તમારા વિના ન કયાંયે પ્રાણને આરામ,
તમારા વિના કાંઈ ના જીવનમાં કામ.

વહી જાય ઝરણાં આ જંગલમાં જેમ,
જીવન મારું આ વહે મુક્ત બની તેમ,
તમારી આરાધનાના આનંદે નહાય,
પૂજાફૂલ થઈ થઈ વાણી રોજ ગાય.

'પાગલ'શો પ્રાણ ભલે ધન્યતામાં ન્હાય,
જીવન આખુંયે ભલે ઉત્સવશું થાય,
તમારી વિના રહે ના અંતરમાં કોય,
તમારી જ પાસે મારું કૈવલ્ય છો હોય.

* * *

## [૭૮] દિલમાં જરી

દિલમાં જરી જુઓ તો કોઈય ત્યાં રમે છે ?
એક જ તમારું આસન; ના અન્ય કો ગમે છે.

આરાધના તમારી અંતરમહીં હંમેશાં,
જીવન તમોને અર્પ્યું, બીજાનો માર્ગ છે ક્યાં ?
ચરણે તમારે મનડું મલકે ફરે ભમે છે ... દિલમાં જરી.

સુંદર સ્વરૂપ છોડી હૈયું હઠે ન ક્યાંયે,
સંતપ્ત શાંતિ પામે કોઈક જેમ છાંયે,
અમૃત થકીય અદકાં ભોજન સદા જમે છે ... દિલમાં જરી.

ના ચાહના કશાની, ના વાસના નકામી,
તૃષ્ણા બધી તમારા વિણ છે ખરે વિરામી;
અંતર બધે તમારી ઝાંખી કરી નમે છે ... દિલમાં જરી.

ના ગુપ્ત ગુઢ કોઈ જગ્યા રહી હૃદયમાં
જ્યાં સ્થાન ના તમારું, જ્યાં અન્ય કો' રમે છે;
'પાગલ' તમારે માટે આ પ્રાણ કૈંક દિનથી
આવો પ્રસન્ન થાયે, પીડા સદા ખમે છે ... દિલમાં જરી.

* * *

## [૭૯] મુખડું મધુરૂં

મુખડું મધુરૂં, મધુરી વાણી,
શોભા છે સુંદર ને શાણી.
મુખડું મધુરૂં, મધુરી વાણી,

નયનોમાં પ્રેમતણું પાણી,
એમાં ડૂબી ગયા જ્ઞાની ધ્યાની.
હૃદયે છે ઘર રાગે કરિયું,
એની આગળ શું કરશે દાની. ... મુખડું મધુરૂં.

અંગાગે કોમળતા-કયારી,
છે રોમરોમ રસની ખાણી.
સહવાસે ક્ષુલ્લક સ્વર્ગ દીસે,
એવી પ્રેમતણી છે પટરાણી. ... મુખડું મધુરૂં.

કેશ સુંવાળા કંકોત્રી શા,
દૃષ્ટિ વાત કરે છે છાની.
સ્મિતમાં જીવનની સિદ્ધિ રહી,
સ્પર્શ સુધામય પણ તોફાની. ... મુખડું મધુરૂં.

એને સર્વસમર્પણ મેં કરિયું,
મિલ્કત મારી જીવન જાણી.
છે મંગલ એનું સૌ કાંઈ,
પણ વિરહ કરે ખૂબ જ હાનિ. ... મુખડું મધુરૂં.

* * *

## [૮૦] પતિતપાવન

તોફાન શું પવનનું, વરસાદ હેલી,
ગંગા વહે મદભરી ગિરિને અઢેલી,
છે રાતથી જ મદમસ્ત ચઢી હિલોળે,
દોડી રહી તટ મૂકી સઘળાય કોરે.

શો આજ છેક ઉમટ્યો અનુરાગ એનો,
સંદેશ મુગ્ધ મળિયો ક્ષણમાં જ કેનો?
દોડી રહી રસભરી મધુ પ્રેમવાળી,
કો અર્પવા સ્વજનને નિજ પ્રેમતાળી

એવા તમેય ચઢશો કદીયે હિલોળે ?
ભીંજવશો હૃદયને મુજ સ્નેહ-છોળે ?
અંગાંગમાં રસ ભરી મુજને મળો ને,
ત્યારે કહું પતિતપાવન હું તમોને.



* * *

## [૮૧] બડભાગ

તમને જોતાં વેંત જ મારી વાણી જાયે થંભી,
કરું ઉપાય છતાં ના વાત શકું આરંભી;
આંસુ પ્રવાહો આંખે ચાલે, પ્રાણ ધડકતો મારો,
અનંત સુખ સાંપડતા મારો મટી જાય શ્રમ સારો.

મંગલ મુખનું દર્શન કરતાં હૈયું હરખી જાય,
ભાવવિભોર બનીને ઊછળે, સહજ સમાધિ થાય;
યોગસાધના તપ ને વ્રતનું ફળ મુજને મળતું,
તીરથનો મહિમા ફેલાયે, તન પુલકિત બનતું.

'પાગલ' પ્રાણ પ્રસન્ન બનીને પૂજા કરે તમારી,
રોમરોમમાં અનુરાગ તણી ખીલી ઉઠે ક્યારી;
એ ઉત્સવની તોલે કોઈ ઉત્સવ ખરે ન આવે,
કો' બડભાગી જન એ પાવે, કો' બડભાગી ગાવે.

* * *

## [૮૨] તું

તું સુંદરતાની મૂર્તિ !
હું સુંદરતાનો સત્ય પૂજારી, તું છે મારી સૃષ્ટિ,
સર્વ સમર્પણ કરનારો હું ભોક્તા, તું છે ભુક્તિ;
સુંદરતાનો રસ પીવા દે હે મારી અનુરક્તિ ! ... તું સુંદરતાની મૂર્તિ !

તું મધુરતા તણી મૂર્તિ, ને સુખની શાશ્વત સૃષ્ટિ !
હું સુખનો શોધક, મધુરતા તણો ચાહક એક પ્રવાસી;
પીવા દે ને મધુરતા મને, જુગ જુગનો છું પ્યાસી,
સુખમાં મુજને ન્હવરાવી દે હે મારી અનુરક્તિ ! ... તું સુંદરતાની મૂર્તિ !

છે પ્રેમ તણી પ્રતિમા તું, ને તરસ્યો છું પ્રેમી હું,
છે શાંતિ તણી માતા તું, છું અશાંત ને આતુર હું;
ઢાળી દેને છાયા મુજ પર વરસ વ્હાલની વૃષ્ટિ;
કૃતકૃત્ય કરી દેને જીવન, હે મારી અનુરક્તિ ! ... તું સુંદરતાની મૂર્તિ !

તું ભાગ્યશાળી સિદ્ધિ, છે મારી મંગલ મુક્તિ;
દેવી હૃદયેશ્વરી, ભાગ્ય દે તારી સાથે સાંધી,
પ્રેમાલિંગનમાં દે મુજને સદાય માટે બાંધી
'પાગલ' હું તારી પાછળ ચાતક, કરી દે હવે તૃપ્તિ,
ધરાઈ ધરાઈ પીવા દે રસ, હે મારી અનુરક્તિ ! ... તું સુંદરતાની મૂર્તિ !

* * *

## [૮૩] ગંગાને

ગંગા હિમાલય-સખી મધુરી વહે આ,
યોગી સમાધિરત શા પ્રિય પર્વતો આ;
ઊભા હિમાલય તણા વનરાજિ વાળા,
સોહે પ્રદેશ નવલા નિત તેમ ન્યારા.

વર્ષો થકી સતત જાય વહી અભંગા;
નૃત્યાંગના સમ દિસે રમણીય ગંગા;
દે શાંતિ, તૃપ્તિ, રસ તેમ જ ભુક્તિ બુદ્ધિ,
આસક્ત થાય ન કહીં, વિસરે ન મુક્તિ.

ગંગા પ્રણામ તુજને, તુજ પ્રેરણાથી,
હું યે વહાવું જગમાં, મુજ પ્રેમવાણી;
સમૃદ્ધ કૈંક જનને કરતાં સુખી ને,
શોકે ભરી હરખ ઝેર મહીં અમીને;



આસક્ત ના થઉં કહીં, રસથી ભરીને
સંસારને સુખ લહું પ્રિયને મળીને.

* * *

## [૮૪] ધ્યાન

લાગી ગયું છે મારું ધ્યાન,
મંગલમય મુખડે લાગી ગયું છે મારું ધ્યાન.
મનડું થયું છે ગુલતાન,
મંગલમય મુખડે લાગી ગયું છે મારું ધ્યાન.

વરસી રહી છે દૈવી આનંદહેલી,
ભૂલી જવાયું તેથી ભાન,
વૃત્તિઓ ટોળે વળી તન્મય થઈ ગઈ છે,
સ્વર્ગીય સુણે શબ્દો કાન,
મંગલમય મુખડે લાગી ગયું છે મારું ધ્યાન.

મધુરૂં રૂપાળું નથી મુખડું આના-શું કોઈ,
જોતાવેંત જ મોહ્યો છે પ્રાણ;
તૃષ્ણા ટળી કે તીખી તરસ મટી ગઈ છે,
મિલકત મળી ગઈ છે મહાન,
મંગલમય મુખડે લાગી ગયું છે મારું ધ્યાન.



રસના ફુવારા એમાં અખંડ ઊડી રહ્યા છે,
અંતર કરી રહ્યું છે સ્નાન,
સંજીવન પામી મારું જીવન ગાઈ રહ્યું છે,
ધારેથી ધન્યતાનું ગાન;
મંગલમય મુખડે લાગી ગયું છે મારું ધ્યાન.

* * *

## [૮૫] સ્મૃતિ

તમારો સહવાસ પામી, તમારો રસ મેળવી,
પ્રેરણા ઝીલી તમારી, ચિત્તને નિત કેળવી;
ગણાતી'તી જે અસાર વળી વિષ સમી તે બધી,
જિંદગી ઉત્સવ સમી, મારે ખરેખર છે થઈ.

ટળી છે કટુતા, મટી ચિંતા, હતી ગમગીન તે,
હસે છે આજે હંમેશા જિંદગી રસપૂર્ણ એ;
તમારા જ પ્રતાપથી મિલકત મળી મોંઘી ગઈ,
ઉજાણી મારે સદાની દિવાળી સાચી થઈ.

તમારી જ કૃપા થકી જીવન બની જીવન ગયું,
તમારા જ પ્રસાદથી દળદર ટળ્યું, અમૃત મળ્યું;
પદદલિતને પ્રાણ દીધો, સ્થાન મસ્તક પર ધર્યું,
તે જ દિનથી દર્દ નાઠું, અમંગલ સઘળું ટળ્યું.

કેમ વિસરું કહો તમને જિંદગી જેણે ધરી,
નદી પ્રેમલ પ્રાણની છો સિંધુ પ્રતિ જાયે સરી !

* * *

## [૮૬] પ્રવાસીને

પ્રવાસી, પ્રેમનગર રસ પી.

પ્રેમનગરમાં ભક્તિ તણો પથ ઈશ્વરને વશજી,
તેને પામી વશ તું કરી લે, ખોબે ખોબે પી ...પ્રવાસી

જીવન જાયે પળ પળ ચાલે, કાલ જતો કરથી;
ધારે તે તું કરી શકે છે, અમુલખ સર્વ ઘડી ...પ્રવાસી

ઈન્દ્રિય સુખને અલ્પ ગણી લે,વશ કરને મનજી;
શ્રદ્ધા ઘોડે સ્વાર બની લે, ચિંતા મૂક અમથી ...પ્રવાસી

શાંતિ મળે ના અન્ય નગરમાં, સુખનો લેશ નહીં;
ભ્રમણા સઘળે, પ્રેમનગરમાં સુખની સદા ઝડી ...પ્રવાસી

'પાગલ' કૈંક પ્રેમરસ પી પી, મસ્ત થયા શું ઋષિ;
પીશે તો શું બાકી રે'શે, ધન્ય જઈશ બની ....પ્રવાસી

* * *

## [૮૭] અભીપ્સા

જીવંત જાગૃતિમાં બનો ને
સ્વપ્નમાં જાઓ શમી,
તનમાં અને મનમાં વળી
અંતર મહીં જાઓ રમી.

ના એકપણ હો ક્ષણ તમે હો
દૂર જ્યારે મુજ થકી,
હો તાપ કે છાયા, ભલે
વરસે કદી વિષ કે અમી.

ઉન્માદથી તમ પ્રેમના
સ્વર્ગીય મુજ સઘળું બનો,
સાન્નિધ્યથી સઘળું તમારા
સુવાસિત સુંદર હજો !



* * *

## [૮૮] ગાનને

અરે ઓ ગાન, મહારાં ગાન !
કરીને ચુંબન તમને આજ
દઈ આલિંગન અર્પું દિવ્ય વિશ્વનાં પ્રેમી ચરણો માંહ્ય,
ભેટજો તેને તમે અગાધ, અરે ઓ ગાન, મહારાં ગાન !

ફૂલ જેવાં ઓ મારાં ગાન !
પ્રેમની નવ્ય પૂજાને કાજ,
બનો બલિ હસતાં હસતાં આજ !
કૈંકના ઉરમાં પ્રજળે આગ : કૈંકને પથ પણ ના દેખાય :
તેમને માટે ઓ મુજ ગાન ! સદાયે બની રહેજો આંખ !...અરે ઓ.

ચમકતા તારલિયા સમ ગાન
ચમકજો તમિસ્ત્રમાં હર કાલ :
ધરજો યાદ વારંવાર : માનવ હતો પ્રેમસમ્રાટ
કવિ આશાનાં ગાતો ગાન :
અને મ્લાન માનવને માટે શાંતિ ઈચ્છતો સાર્થ :
આંસુ જે આંખ મહીં છલકાય: તેનો લેતાં પ્રેમળ સ્વાદ
આવજો આજ જેમ હર કાલ !

નિરાશાને તો આશા આપજો : મરેલને દો શ્વાસ :
તિરસ્કૃત કદી જુઓ ચાંપજો તેને હૈયા સાથ :
ગોદમાં લેતાં એકલ બાલ
(જેમને હોય નહીં આરામ)
તમે પ્રેમ તણાં ગાજો ગાન ! ....અરે ઓ.

અને જો ઊઠે તમારી સાથ
વિશ્વનો સુષુપ્ત કરુણ સમાજ,
નાચજો તે દિન તો શત વાર:
તમારું જીવન સાર્થક થાય ... અરે ઓ ગાન, મહારાં ગાન !

* * *

## [૮૯] ગૌરવ

આજ બન્યો છું મહાન-મહાત્મા,
તોયે ગાતાં ગાતાં ગાન તહારાં, માનું છું ગૌરવ મુગ્ધ થવામાં !

ગંભીરતાના તજી પટ મારા,
આંખમાં એક લઈ ફૂલમાળા,
તારી જ યાદે મુગ્ધ થવામાં, માનું છું ગૌરવ મુગ્ધ થવામાં !

ત્યાગ વિરાગના વેશથી શું આ !
છિન્નભિન્ન કરતા પડદા આ,
હૃદયને હૃદયે ધરવામાં,
એક જ આલિંગને મળવામાં, માનું છું ગૌરવ મુગ્ધ થવામાં !

સ્રોત કરી સ્વર જાય વહી આ,
પ્રેમ અને કરુણાના હજારો તેમ હજારો પ્રવાહો મહીં હા,
સાધના રંગભરી, રસગંભીર શાંત મસ્તાન વહે તું હંમેશાં !
અંતર ઓ પરિતૃપ્ત !
દલે દલ ખોલ હવે આ,
વિશ્વ મહીં તારી ફોરમ સાથ વહે રસ દેતાં;
અંગ શિરાઓ : સદા રણકો કરુણારસ ગાતાં,
એના જ ગીતમાં એક થવામાં, માનું છું ગૌરવ મુગ્ધ થવામાં !

પ્રેમ મહીં ચકચૂર થઈ જા,
'પાગલ' પ્રેમનું ગાન બની !
વિશ્વ પ્રતિ જો, વિરાટ છે પ્રેમ, તું તેમાં મળી જા !
સારાય વિશ્વને આશ્લેષ છેલ્લી બાકી રે દઈ જા !
પ્રેમ જ એક ઉપાસ્ય અહાહા,
એની સામે નતશીશ થવામાં, માનું છું ગૌરવ મુગ્ધ થવામાં !

* * *

## [૯૦] જોગી

જોગી બેઠા ગગન અટારી.
ઝરમર ઝરમર વરસે વર્ષા તેમાં મસ્તી માની ... જોગી

પવન વિના જ્યાં વાયુ વહેતા, અગ્નિ વિના પરકાશા,
જલ વિના જ્યાં રસ, ધરતી વિણ, ત્યાં સ્થિર રાખીને શ્વાસ ... જોગી

જનમમરણથી પર એ સ્થળમાં; આત્મદ્રષ્ટિ માંડી,
ભેદ બુદ્ધિ અનુભૂતિ ચિત્ત ને ઈન્દ્રિયની સૌ છાંડી ... જોગી

બહાર અંદરથી પલટાયા, સુવર્ણકાયા ધારી,
સ્વાનુભૂતિ સંપન્ન અવસ્થા, ઓળખશે કો ભાઈ ! ... જોગી

* * *

## [૯૧] દેશને

ઓ મારા દેશ અભાગી ! એક વારે તું હતો બડભાગી,
તારા જ હૈયેથી સંસ્કૃતિ ફાલી, સારાય વિશ્વે હતી અપનાવી,
સારી યે પૃથ્વી હતી જ્યારે પ્યાસી, તેં જ અમૃતની ધારા જગાવી
વારંવાર પ્રેમથી પાઈ આજ થયો તું જ કિન્તુ છે પ્યાસી ...ઓ મારા દેશ અભાગી !

'ક્યાંથી હશે રહ્યું સર્જન આવી, કોણ હશે રહ્યું આને ચલાવી,'
તેં જ સૌથી પ્હેલા વાત ઉઠાવી, તેં જ ઉકેલ કર્યો તપ સાધી;
રાષ્ટ્ર સમાજ બધે યે તહારી વાગી સૌથી પ્હેલાં મંજુ સિતારી;
આજે પડ્યો પણ ગર્તમાં આવી ...ઓ મારા દેશ અભાગી !

ક્યાં પયગંબર પ્રેમલ તારા, જે વસુધાને હતા ચુમનારા !
વિશ્વકુટુમ્બ ગણી નિજ હાડ, તારે કાજે હસતાં ધરનારા !
ગાર્ગી ને સાવિત્રી, કૃષ્ણ તહારા, ક્યાં ગયાં ગીતા રહસ્ય મજાનાં !
આજે તારા આવા દુર્દિન ક્યાંથી ? ...ઓ મારા દેશ અભાગી !

રહેવું નથી વધુ આંસુ, વહાવી, ના તપવું વધુ યાદ જગાવી;
એક જ આશા હવે તો મહારીઃ તેથી રહી ધડકી નિત છાતીઃ
મારે જ હાથે હો તું બડભાગીઃ ઊઠું ફરી, જગ સારું છે પ્યાસી,
આંખ તૃષાર્ત રહેલ છે ઠારી; વિશ્વની માત તું ઊઠ—ઊભી થા,
પૂંજી તારી ન ખૂટી, ખૂટનારીઃ માર્ગ બતાવ તું શાંતિ વહાવીઃ
મારે જ હાથે હો તું બડભાગી ...ઓ મારા દેશ અભાગી !

લોકો કહે છે : હમેશ દશા આ, બુદ્ધ ઈશ કૃષ્ણ સર્વ પધાર્યા,
આજ રહી પણ પૃથ્વી સદાની તેથી નિરાશ થયે શું કમાણી !
આજનો મારો છે વારો તો માણી તેને જ લેવામાં છે જિંદગાની !
કોણ જાણે છે કે મારી જ પાસે તારી ને સૃષ્ટિની હોય ન ચાવી ?
ઉત્થાન કૈં બલિની બલિહારી જોઈ શકાયે દશા ન તહારી ...ઓ મારા દેશ અભાગી !

* * *

## [૯૨] જિજ્ઞાસા

શેનાથી કહે કહેને અંતર અંતે મારું બંધાયું ?

ના સંસાર તણા એક રંગથી કદી કદી એ રંગાયું,
તેં કેવો છાંટ્યો રંગ કહેને, આખર પૂરું રંગાયું ? ....શેનાથી

ના કામક્રોધથી, લોભમોહથી, કદી ન રાગે રંગાયું,
તૃષ્ણા કે આશાના ગઢ બાંધી એક વાર ના ભંગાયું ? ....શેનાથી

ધનથી, વૈભવથી કીર્તિથી નહીં, નહીં સ્નેહથી સંધાયું,
આ અમી શું મોહક કહે કહેને અંતે એમાં છંટાયું ? ....શેનાથી

જે અસંગ તે તુંજ સંગે રાચ્યું, એવું શું તુજ માં ભાળ્યું,
પૂરણ શે ગાઉં મહિમા, એક જ પ્રેમબિન્દુથી રંગાયું ?
જૂગો લગી છૂટી ના શકશે- છોને તુજમાં સંધાયું ! ....શેનાથી



* * *

## [૯૩] મુક્તિ

મુક્તિ-દિવ્ય અમૃત સાગરમાં ડૂબવાનું જો હોય કદી,
એવી મુક્તિની મને જરી યે નથી નથી ઈચ્છા જ રહી;
તરંગ જેમ સમુદ્ર માંહી જો હોય જવાનું વિલીન થઈ,
એવી મુક્તિની મને જરી યે નથી નથી ઈચ્છા જ રહી !

મુક્તિ ? મુક્તિ તે કોને ? આત્માને તો બંધન લેશ નથી,
શરીરથી તો મુક્ત નિયંતા પોતે પણ કોદીય નથી;
તું કાં ઈચ્છતો મુક્તિ પછીથી, સ્વાર્થ શું એવો માગ હજી ?
થઈ વિલીન જવાની ઈચ્છા મને જરી યે થાય નહીં !

ફરી ફરી આ પૃથ્વીપટ પે આવવાનું છે ફરી ફરી,
જીવનનો પી જામ મસ્ત બનવા પસંદ છે ફરી ફરી;
'મિથ્યા' માની પાછી પાની કરવાનું જરી કામ નથી,
પૂર્ણતા મહીં મળી પૂર્ણ સાથે કરવાનો પ્રેમ હજી !

તલસે છે કૈં, કૈં ચડાયે, કૈં માગે છે નીર હજી,
કૈં છે ક્ષુધાર્ત, પ્રેમ માગતા, વસુંધરા બેહાલ હજી;
સૂવાનું શેં હો તને ગમે ત્યાં, આવવાનું છે હજી હજી,
પૃથ્વીના હૃદયે રમવાને આવવાનું છે હજી હજી !

નથી જરી કંટાળ્યો લીલા કરી જરી યે જીવનથી,
કાયાને બદલીશ વસ્ત્રની જેમ સ્મિતેથી ભલે કદી,
કિન્તુ ફરીથી આવવાનું છે યુગો યુગો લગ ફરી ફરી,
ભારતની ગોદે પૃથ્વીને માટે આવવું ફરી ફરી !

* * *

## [૯૪] કાગળ

કાગળ મારે લખવો તે કેમ કરી,
ભાવ મારે ભરવો તે કેમ કરી,
લખાયે ના જી ! ... કાગળ

જરીયે મારી કલમ ના ચાલે,
મારે ગાવું તે શું ગાને,
મને સમજાયે ના જી ! ... કાગળ

આંસુના મારાં હેત એવાં,
રહે રાતદા'ડો બંધુ જેવાં,
લખ્યા એક-બે લેખો ભૂંસાયે જી!... કાગળ

ભાવથી ભરેલું તારું નેહ ભર્યું નામ લખી
કાગળ મારે મોકલવો જી ... કાગળ



* * *

## [૯૫] જોગીને

નથી અમે તો જોગી રે જોગીડા !
ભૂલમાં મા પડી જા !

ક્યાં અમારે જોગી ગુરૂ, ક્યાં છે અમારે ક્રિયા,
ક્યાં છે અમારી વિરજા,
ક્યાં છે નેતી ને ધોતી, ક્યાં છે વજ્રોલી વ્હાલા,
પ્રાણાયામે ક્યાં જરા ? ... નથી અમે

ક્યાં છે શંકરના જેવી ભભૂતિ લગાવી,
સૂકાં જટાનાં જૂથ ક્યાં ?
ક્યાં છે પંચાગ્નિ, ક્યાં છે કુંડલિની ક્રિયાઓ,
દૈવી અવાજો ગેબના ? ... નથી અમે

મા તું કહે અમોને જોગી, ઓ વ્હાલા જોગી !
લેવા અમારે જોગ ના:
અમને તો પ્રેમી કહેજે, જોગી શિષ્યો અમારા
જોગીના શીશ પે વિરાજ્યા ! ... નથી અમે

* * *

## [૯૬] ફકત

તમારી મિલકત થકી ના વધારે ઈચ્છું,
એક કોડી ફકત આપો એટલું ઈચ્છું,
એ થકી દળદર જશે મારું બધુંય મરી,
દીનતા કોટિ જનમની જશે સર્વ ટળી.

તમારા સૌંદર્યથી ના વધારે ચાહું,
સ્વલ્પ છાયા ફકત ઢાળો એટલું ચાહું.
થશે તેનાથી વિનષ્ટ કુરૂપતા સઘળી,
ચમકશે અંગાગ સજતાં શ્રી અપાર ખરી.

તમારી પ્રજ્ઞા થકી ના વધારે ઝંખું,
એક આપો કિરણ પ્રેમે એટલું ઝંખું.
એટલાથી અંધકાર જશે સમસ્ત ટળી,
જ્યોતિનો પંથ પ્રકટશે મુજને પ્રકાશ કરી.



શક્તિના ભંડારથી ના વધારે યાચું,
સ્વલ્પ વરસો તે થકી હું એટલું યાચું.
દેહ દુર્બળ જશે એના સ્પર્શથી જ ફરી,
તમારા જેવું રહે ઐશ્વર્ય સાચે મળી.

કૃપાના ભંડારથી પણ સ્વલ્પ ના ઈચ્છું,
પ્રેમ પારાવારથી પણ સ્વલ્પ ના ઈચ્છું,
પ્રેમ વરસાવો સદા મર્યાદને વિસરી,
કૃતાર્થ કરો કૃપામૃત હૈયે હંમેશ ભરી.

* * *


## [૯૭] દિલરૂબા

દિલરૂબા દિલની લઈ તેમાં તમારી પ્રીત,
ભરીને કૈં દિવસથી ગાઈ રહ્યો છું ગીત.

અવનવા આલાપમાં આરાધતાં તમને
વિચરતો આ વિશ્વમાં દિનરાત મૂક મને.

તમારી પ્રતિમા લઈને પ્રાણમાં મારા,
પધાર્યો પૃથ્વી મહીં ભાવો ભરી ન્યારા,

ઉઘાડી છે આંખ ત્યાંથી તમારે માટે,
વહાવ્યો છે સૂર મેં તો શીશને સાટે.



કદી વનમાં તો કદી વસ્તી મહીં વિચર્યો,
કદી ગામ વસ્યો શહેર મહીં વળી વિહર્યો,

તમારી ઈચ્છા મુજબ આનંદતા સઘળે,
કરી પૂજા તમારી શ્રદ્ધા થકી સહેજે.

હર્ષ શોક સહ્યાં, સહ્યાં સંકટ હજારો મેં,
ટાઢ તાપ સહ્યાં, ગણ્યાં ના દર્દ આવ્યાં તે,

તમારી ધૂની જગાવી સ્મિત સદાય કર્યું,
વિષ મળ્યું તો યે શિવ બની સુધાપાન કર્યું.

ભાવભીની હવે તો છે પ્રાર્થના મારી,
સફળ હો આરાધના ને ગત ખરે ન્યારી,

દિલરૂબા જેવો બન્યો છું ઉઠાવો મુજને,
ગીત ગાઓ ધરી દો સંવાદ આ જગને.

* * *

## [૯૮] સાધકને

કર તું તારું કામ, સાધક, કર તું તારું કામ.

આશાની છો થાય નિરાશા, બંધ બને સઘળાં દરવાજા,
ખંખેરીને તોય હતાશા, પી લે પ્રેરણા જામ ...કર તું

દુઃખ પડે ને દર્દ મળે છો, અંધારા વાદળ ઉમટે છો,
ચપલા યે ચમકે જ નહીં કો, તો પણ રાખી હામ ...કર તું

તૂટે કલ્પનાના સૌ કિલ્લા, મળે ન કોઈ કીર્તિ બિલ્લા,
ધ્યેય તણા ન થાયે જિલ્લા, તો પણ દિન ને યામ ...કર તું

એકલપંથી જાય બની છો, સાથી છોડી જાય બધા છો,
માર્ગ મળે ના જલદીથી તો—તો પણ રાખી હામ ...કર તું

ધીરજ શ્રદ્ધા ખંત સજીને, હિંમત ને ઉત્સાહ ભજીને,
દૈન્ય પ્રમાદ વિવાદ તજીને, બનવા આત્મારામ ...કર તું

ઉત્તમ ભાવ વિચારો સેવી, મદદ બને તો કો'ને દેવી,
વાત બધાને મધુરી કે'વી, બેસે ના કૈં દામ ...કર તું

નિર્બળનું ના કામ અહીં તો, મર્દ મેળવે મિલકત આ કો,
લડે ઝઝૂમે અંત લગી જો, જીવન છે સંગ્રામ ...કર તું

જ્યાં લગ પામે ધ્યેય ન તારું, ત્યાં લગ પામી મુખ પર તાળું,
હજમ કરીને સારું નઠારું, બેસ ઠરી ના ઠામ ... કર તું

હર્ષ શોક ને સ્તુતિ નિંદાથી, ચલિત થતો ના જગ ક્રીડાથી,
પ્રજળીને પરની પીડાથી, કર તું કામ તમામ ... કર તું

દુઃખ દર્દ ને ચિંતા ટળશે, પરમાનંદે સ્નાન તું કરશે,
બીજાને પણ મારગ ધરશે, મળતાં શાશ્વત ધામ ... કર તું

પ્રેમ તણો મારગ આ પૂરો, કાપી લેજે બનતાં શૂરો,
જો જે લેશ રહે ન અધૂરો, ઉજ્જવલ કરજે નામ ... કર તું

## [૯૯] સાધકને

દે પ્રેમનું ગીત જગાવી.
હૃદયબીનના તાર ઉપર દે, પ્રેમનું ગીત જગાવી ....દે પ્રેમનું

ઉત્સાહ થકી સજ્જ બનીને, ચિન્તા બધી ફગાવી,
આશાને રથ સવાર થઈને, લગની પૂર્ણ લગાવી ....દે પ્રેમનું

નીરસ જીવન રસમય થાશે, જડતા મટશે સારી,
બીન બન્યું બેસૂર છોડશે, રસ સુરાવલી ન્યારી ....દે પ્રેમનું

પ્રેમદેવની કરી પ્રતિષ્ઠા, મનમંદિરમાં તારા,
આરતિ અખંડ કર તો તૂટે તારાં બંધન તાળાં ....દે પ્રેમનું

દ્વેષ વેર ને ભેદભાવના તુજને રહી સતાવી,
અશાંતિ તેમજ મટશે સાચે, તાપ રહેલ તપાવી ....દે પ્રેમનું

સુખકારક ને શાંતિ પ્રદાયક ગતને લે તું ગાઈ,
'પાગલ' બની ડૂબી જા રસમાં, દર્દ રહે ના કાંઈ ....દે પ્રેમનું

* * *

## [૧૦૦] શ્રદ્ધા

વેદના વરસે ભલે હું સ્મિત નહીં છોડું,
તોડી તમારી પ્રીત કોઈથી નહીં જોડું.
દુઃખ દો, દો દર્દ છો, આનંદ હું આપું,
કંટકો નાંખો ભલે ને પંથ હું કાપું.

વિષ ધરો તોયે ધરું છું સુધાની પ્યાલી,
નિરાશા આઘાત કરતાં હૈયું ના ખાલી.
ના સુણો તોયે કરું પોકાર હું પ્રેમે
સુણાવું સંગીત વિસરી વેદના કેમે.

તાપ દો તોયે ધરું છું શીતળી છાયા,
પ્રેમની એવા ખરેખર અનેરી માયા.
ફૂલ તોડે માનવી તો યે સુવાસ ધરે,
વૃક્ષને કાપે છતાં ફળ કાષ્ટ દાન કરે.




નિરાશામાંથી ઉભી આશા કરું છું હું,
ઘોર અંધારે પરમ પ્રકાશ ભરું છું હું.
પરિશ્રમ દો તોય તેમાં પ્રાણ હું પામું,
જંગલે મંગલ, નરકમાં સ્વર્ગને પામું.

પતિતપાવન પ્રેમનો છે આ પ્રતાપ ખરો,
પ્રેમને મારા હૃદયમાં રોજ રોજ ભરો.
કઠિન કૈંયે ના રહેશે કૃપા જો ઢાળો,
મિષ્ટ મધુ જેવો બને છે સિંધુયે ખારો.

* * *

## ABOUT THE AUTHOR



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*